અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ મે ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ ૭ | અંક : ૨૮૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ

## અમદાવાદ-ગાંધીનગરમાં તેજ પવન ફૂંકાતા આંધી જેવો માહોલ સર્જાયો, વિઝિબિલિટી ઘટતા વાહન ચાલકો અટવાયા

| અમદાવાદ, તા.૧૩ |

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ માટે ગુજરાત સહિત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મધ્યમ તેમજ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને લઈને આજે રાજ્યના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. ભર ઉનાળે ગુજરાતમાં અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્રના કેટલા વિસ્તારોમાં આજે બપોર બાદ ભારે પવન ફૂકાયો હતો. તો કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ઉત્તર ગુજરાતમાં અંબાજી સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. તો ગાંધીનગરમાં પણ વરસાદી માહોલ છવાયો છે. અમદાવાદમાં સાંજે ૪ વાગ્યા પછી વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. વાતાવરણમાં ઠંડક પ્રસરતા દિવસભર કાળઝાળ ગરમીથી ત્રસ્ત શહેરીજનોએ રાહત અનુભવી હતી. શહેરના રાણીપ, ઘાટલોડિયા, નારણપુરા, ગોતા, એસજી હાઈવે, સાયન્સ સિટી, શાહીબાગ, ગોતા, ચાંદખેડા, ઝૂંડાલ સહિતના વિસ્તારોમાં વિસ્તારોમાં તેજ પવન ફૂંકાતા આંધી જેવો માહોલ સર્જાયો હતો. ભારે




પવનના કારણે ધૂળની ડમરીઓ ઉડતાં શહેરમાં ધૂળિયું વાતાવરણ છવાઈ ગયું હતુ. જેના પગલે વિઝિબિલિટી ઘટતા વાહન ચાલકો અટવાયા હતા. આજે બપોર બાદ ભાવનગર, બોટાદ, અમરેલી, વલસાડ, સાબરકાંઠા-હિંમતનગર, બનાસકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર, અરવલ્લી, ડાંગ સહિતના જિલ્લાઓ અને સંઘપ્રદેશ દાદરાનગર હવેલીમાં વરસાદ પડ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ શરૂ થતાં ખેડૂતો ખેડૂતો પણ મૂંઝવણમાં મુકાયા છે. આકરી ગરમી વચ્ચે વરસાદ પડતા લોકોને ઠંડકનો અનુભવ થયો છે. સૌરાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં કેસર કેરીનું ઉત્પાદન થતું હોય છે અને ખાસ કરી અમરેલી જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સૌથી વધુ કેસર કેરીનો ઉત્પ ાદન થાય છે. ત્યારે કમોસમી વરસાદને લઈને મોટા પ્રમાણમાં કેરીના પાકને નુકસાનની રીતે પણ જોવાય રહી છે. બોટાદનાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. ગાજવીજ બાદ અનેક વિસ્તારમાં વરસાદ સાથે કરા પડ્યા છે, ભારે પવનનાં કારણે ત્રણથી ચાર જગ્યાએ વૃક્ષ ધરાશાય થયા હતા. એમ. ડી સ્કુલ પાસે વૃક્ષ ધરાશાયી થયું હતું. લાઠીના મતીરાળામાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. મતીરાળા ગામમાં કરા સાથે વરસાદ થયો છે. ઉનાળામાં કરા સાથે વરસાદ પડતાં મતીરાળા ગામની શેરીઓમાં નદીઓ વહે તેવા દશ્યો જોવા મળ્યા હતા. કોઈ જાનહાનીનાં કોઈ સમાચાર મળ્યા નથી. આપને જણાવી દઈએ કે, હવામાન વિભાગ દ્વારા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતમાં ૧૬ મે સુધી વરસાદ પડવાની આગાહી કરાઈ છે. ઉત્તર અરબ સાગરમાં અપર એર સાયક્લોનિક સિસ્ટમ સક્રિય થતાં વરસાદ વરસવાની શક્યતા કરવામાં આવી છે. આજથી ચાર દિવસ દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રમાં માવઠાની આગાહી કરેલી છે. તો આ વર્ષે રાજ્યમાં પાંચ મહિનામાં આ ચોથી વખત કમોસમી વરસાદ પડ્યો છે.



### ટૂંક જ સમયમાં લગ્ન કરશે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી

| રાયબરેલી, તા.૧૩ |

રાયબરેલી લોકસભા બેઠકથી કોંગ્રેસ ઉમેદવાર રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહા સચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા રાયબરેલી પહોંચ્યા છે. આ દરમિયાન આજે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાયબરેલીમાં રેલી કરી. તેમની સાથે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હાજર હતા. આ દરમિયાન સભાથી રાહુલ ગાંધી લગ્નને લઈને સવાલ પૂછાયા, જેના પર તેમણે જણાવ્યું કે તેઓ ક્યારે લગ્ન કરશે. ચૂંટણી રેલી દરમિયાન એક બાળકે રાહુલ ગાંધીથી તેમના લગ્નને લઈને સવાલ કરાયો હતો.

### બિહારના મુઝફ્ફરપુરમાં જાહેર સભામાં બોલ્યા મોદી

## આરજેડીએ માત્ર ભત્રીજાવાદ આપ્યો, બિહારમાં આરજેડીનું જંગલરાજ હતું

**તમને બમણો ફાયદો કરાવવા બીજી સ્કીમ બનાવી છે : આ સ્કીમથી તમારું વીજળીનું બિલ શૂન્ય થશે : આ યોજનાનું નામ છે : PM સૂર્યઘર મફત વીજળી યોજના**

| (એજન્સી) મુઝફ્ફરપુર, તા.૧૩ |

બિહારમાં લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા હેઠળ પાંચ બેઠકો પર મતદાનની વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે હાજીપુર, મુઝફ્ફરપુર અને સારણ લોકસભા બેઠકોમાં NDA ગઠબંધનના ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણી રેલીઓ યોજી હતી. પીએમ મોદી સવારે પટના સાહિબ ગુરુદ્વારાના લંગર પીરસ્યા બાદ હાજીપુર પહોંચ્યા, જ્યાં તેમણે ચિરાગ પાસવાનના સમર્થનમાં એક રેલીને સંબોધિત કરી. આ દરમિયાન તેમણે સ્વર્ગસ્થ રામવિલાસ પાસવાનને યાદ કર્યા. તેમજ મુસ્લિમ આરક્ષણના મુદ્દે તેમણે આરજેડી સુપ્રીમો



લાલુ પ્રસાદ યાદવ પર આકરા પ્રહારો કર્યા હતા. આ પછી, તેમણે મુઝફ્ફરપુરના પતાહી એરપોર્ટ ગ્રાઉન્ડ પર ભાજપના ઉમેદવાર રામભૂષણ નિષાદના સમર્થનમાં જાહેર સભા કરી અને કહ્યું કે તેઓ પોતાનો જીવ જોખમમાં મૂકશે પરંતુ એસસી, એસટી, ઓબીસીનું આરક્ષણ છીનવાશે નહીં. મુઝફ્ફરપુર બાદ બપોરે છપરા એરપોર્ટ મેદાનમાં પીએમની ચૂંટણી રેલી યોજાઈ હતી. આ દરમિયાન તેમણે ભાજપના ઉમેદવાર રાજીવ પ્રતાપ રૂડીના સમર્થનમાં વોટની અપીલ કરી હતી. એમ પણ કહ્યું કે લાલુ યાદવની આરજેડી અને કોંગ્રેસ મુસ્લિમોને અનામત આપીને દેશને આગ લગાડવા માંગે છે.

બિહારના મુઝફ્ફરપુરમાં જાહેર સભામાં પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના નેતા મણિશંકર ઐયરના પાકિસ્તાન તરફી નિવેદન પર પ્રહારો કર્યા અને જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે, 'જો પાકિસ્તાન બંગડીઓ નહીં પહેરે તો અમે પહેરાવીશું.'

### AAP કોર્પોરેટરોને કેજરીવાલનું સંબોધન

## મારી ધરપકડ બાદ ભાજપે મને તોડવાના લાખો પ્રયાસો કર્યા

**જો ચૂંટણી પરીણામો બાદ INDIA ગઠબંધન સત્તામાં આવશે તો હું પાંચ જૂને તિહાર જેલમાંથી બહાર આવી જઈશ : કેજરીવાલ**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

દિલ્હીની લિકર પોલિસીમાં કથિત મની લોન્ડ્રિંગના કેસમાં વચગાળાના જામીન પર બહાર આવેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, 'જો ચૂંટણી પરીણામો જાહેર થયા બાદ INDIA ગઠબંધન સત્તામાં આવશે તો હું પાંચ જૂને તિહાર જેલમાંથી બહાર આવી જઈશ.

કેજરીવાલે કોર્પોરેટરોને સંબોધતા આક્ષેપ કર્યો કે, 'તિહાર જેલમાં ન્યાયિક કસ્ટડી દરમિયાન મને તોડવાનો અને અપમાનિત કરવાનો પ્રયાસ કરાયો હતો. મને જેલમાં જે સેલમાં રખાયો હતો, તેમાં બે સીસીટીવી કેમેરા લગાવાયા હતા અને મારી ગતિવિધિઓ પર ૧૩ અધિકારીઓ દ્વારા દેખરેખ રખાતી હતી.' તેમણે દાવો કર્યો કે, જેલમાં લગાવાયેલા સીસીટીવીની ફીડ વડાપ્રધાનના કાર્યાલયને પણ ઉપલબ્ધ કરાવાઈ છે. વડાપ્રધાન



નરેન્દ્ર મોદી મારા પર નજર રાખી રહ્યા હતા. મને ખબર નથી કે વડાપ્રધાનને મારી સાથે શું ફરિયાદ છે. તેમણે વધુમાં કહ્યું કે, આમ આદમી પાર્ટીના નેતાઓ લોકોને સન્માન અને પ્રેમ આપે છે અને અમારા કામના કારણે જ ભાજપ અમારાથી ડરે છે. તેમણે કોર્પોરેટરોને કહ્યું કે, બીજી જૂને હું ફરી જેલમાં જઈશ. હું જેલની અંદર બેસી ચોથી જૂનના પરિણામો જોઈશ. જો ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવશે તો હું પાંચમી જૂને જેલમાંથી બહાર આવીશ.

### ન્યૂઝ બ્રિફ

### નેપાળના પ્રમુખના આર્થિક સલાહકારે આપવું પડ્યું રાજીનામુ

| નેપાળ, તા.૧૩ |

નેપાળી રૂપિયાની નોટ પર ભારતીય વિસ્તારો દર્શાવનાર નેપાળના પ્રમુખ રામ ચંદ્ર પૌડેલના આર્થિક સલાહકારે આખરે ભારતીય દબાણમાં રાજીનામું આપવું પડ્યું છે. નેપાળના પ્રમુખના આર્થિક સલાહકાર ચિરંજીવીએ ભારતના ત્રણ વિસ્તારો નેપાળના હોવાનો દાવો કરીને નેપાળી ૧૦૦ રૂપિયાની નવી નોટોમાં એ વિસ્તારો દર્શાવી દીધા હતા. ભારત સરકારે તેની સામે નેપાળ સમક્ષ સખત વાંધો ઉઠાવ્યો હતો. આ પછી નેપાળના પ્રમુખના આર્થિક સલાહકારે આ ભૂલની જવાબદારી લેતા રાજીનામું આપી દીધું છે. નેપાળની નવી ચલણી નોટ છાપ્યા બાદ કાઠમંડુએ આંતરરાષ્ટ્રીય મીડિયામાં વિવાદાસ્પદ નિવેદન પણ આપ્યું હતું. નેપાળી પ્રમુખના કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી અનુસાર પ્રમુખે ચિરંજીવી નેપાળનું રાજીનામું સ્વીકારી લીધું છે. ચિરંજીવીએ સોમવારે કહ્યું, "મેં એક અર્થશાસ્ત્રી અને કેન્દ્રીય બેંકના ભૂતપૂર્વ ગવર્નર તરીકે ટિપ્પણી કરી હતી, પરંતુ કેટલાક મીડિયા આઉટલેટ્સે પ્રમુખના આદરણીય હોદ્દાને વિવાદમાં સંડોવવાના પ્રયાસમાં મારા નિવેદનને વિકૃત કર્યું છે." નેપાળની ૧૦૦ રૂપિયાની નવી ચલણી નોટમાં કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરાને નવા નકશામાં સામેલ કરવામાં આવ્યા છે.

### કુલ ૯૩.૬૦ ટકા વિદ્યાર્થીઓએ ૧૦મું પાસ કર્યું

## CBSE બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

CBSE બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ CBSEની અધિકૃત વેબસાઈટની મુલાકાત લઈને અને રોલ નંબર દાખલ કરીને સ્કોરકાર્ડ ચકાસી શકે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા આજે ધોરણ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. CBSE બોર્ડમાં કુલ ૯૩.૬૦ ટકા વિદ્યાર્થીઓએ ૧૦મું પાસ કર્યું છે. ૧૦મીની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ સુધી દેશભરમાં નિર્ધારિત કેન્દ્રો પર લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અહીં આપેલી સીધી લિંક પર રોલ નંબર દાખલ કરીને



સ્કોરકાર્ડ ચકાસી શકે છે અને માર્કશીટ પણ ડાઉનલોડ કરી શકે છે. ધોરણ ૧૦ CBSE નું પરિણામ સરેરાશ ૯૩.૬૦% પરિણામ આવ્યુ છે. ૨૨.૩૮ લાખ વિદ્યાથીઓએ આ પરીક્ષા આપી હતી. વિદ્યાથીઓ કરતા વિદ્યાર્થીનીઓએ આ પરીક્ષામાં બાજી મારી છે. વિદ્યાર્થીઓનું પરિણામ ૯૨.૭૧ જ્યારે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૯૪.૭૫ % છે. CBSE ધોરણ ૧૦માં પણ ત્રિવેન્દ્રમ પ્રદેશનું પરિણામ સૌથી વધુ ૯૯.૭૫ ટકા આવ્યુ છે. આ પછી, વિજયવાડા ક્ષેત્રનું પરિણામ ૯૯.૬૦%, ચેન્નાઈ ક્ષેત્રનું ૯૯.૩૦%, બેંગલુરુ ક્ષેત્રનું ૯૯.૨૬% અને અજમેર ક્ષેત્રનું પરિણામ ૯૭.૧૦% નોંધાયું છે. જ્યારે ધોરણ ૧૦માં કુલ ૧૩૨૩૩૭ વિદ્યાર્થીઓને કમ્પાર્ટમેન્ટ કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. CBSE દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, ૧૦મી બોર્ડની પરીક્ષા ૨૦૨૫માં ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે. વિગતવાર ટાઈમ ટેબલ હજુ જાહેર કરવામાં આવ્યું નથી.

### ૪ જૂન પહેલા શેર ખરીદી લેજો, પછી જોરદાર તેજી થશે!

| નવી દિલ્હી, તા.૧૩ |

છેલ્લા કેટલાક દિવસોથી શેરબજારમાં મંદી ચાલી રહી છે અને સેન્સેક્સ-નિફ્ટીમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. સોમવારે ખુલતાની સાથે જ શેરબજાર તૂટ્યું હતું. સેન્સેક્સમાં ૭૦૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો જ્યારે નિફ્ટીમાં ૨૦૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો. આવી સ્થિતિમાં સવાલો ઉઠી રહ્યા છે કે શું બજારના વિઘટન પાછળ ચૂંટણી સાથે કોઈ સંબંધ છે? આ અંગે દેશના ગૃહમંત્રી અમિત શાહે મોટું નિવેદન આપ્યું છે.

### દિલ્હી પોલીસ પહોંચી સીએમ આવાસ

## કેજરીવાલના PA એ મને માર માર્યો : સ્વાતિ માલીવાલ

**માલીવાલે બિભવ કુમાર પર મારપીટનો આરોપ લગાવ્યો**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ અને દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ સ્વાતિ માલીવાલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર સનસનીખેજ આરોપ લગાવ્યો છે. દિલ્હી પોલીસના સૂત્રો પાસેથી આ મોટા સમાચાર સામે આવ્યા છે. સૂત્રોનું કહેવું છે કે સવારે ૧૦ વાગ્યે માલીવાલના નામે પોલીસને કોલ આવ્યો હતો. આ કોલ સ્વાતિના નંબર પરથી આવ્યો હતો. માલીવાલે કેજરીવાલના પીએ બિભવ કુમાર પર મારપીટનો આરોપ લગાવ્યો હતો. જોકે, પોલીસનું કહેવું છે કે ફોન કર્યા બાદ જ્યારે પીસીઆર ત્યાં ગઈ ત્યારે તે સ્થળ પર મળી ન હતી. દિલ્હી પોલીસે પુષ્ટિ કરી છે કે કોલ માલીવાલના મોબાઈલ નંબર પરથી આવ્યો હતો. તેના નંબર પરથી પીસીઆર પર બે વખત કોલ આવ્યો હતો. માલીવાલ સિવિલ લાઈન પોલીસ સ્ટેશન ગયા હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં સ્વાતિને માર મારવામાં આવ્યો ત્યારે કેજરીવાલ ઘરે જ હતા.

### સૌરાષ્ટ્રથી ચારધામ યાત્રાએ ગયેલા યાત્રાળુ ફસાયા

## યમનોત્રી-ગંગોત્રીનું ઓફલાઈન રજીસ્ટ્રેશન ૧૦ દિવસ બંધ કરાયું

| (એજન્સી) દેહરાદૂન, તા.૧૩ |

આ વર્ષે ચારધામ યાત્રાનો પ્રારંભ થવાની સાથે જ વિક્રમી સંખ્યામાં યાત્રિકો યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ પહોચી રહ્યાં છે. મોટી સંખ્યામાં યાત્રિકો ઉમટી પડતા તંત્ર દ્વારા યાત્રિકો માટે કરાયેલ વ્યવસ્થા ખોરવાઈ જવા પામી છે. જેના કારણે ગંગોત્રી અને યમનોત્રીની યાત્રા માટે ઓફલાઈન રજીસ્ટ્રેશન આગામી ૨૩મી મે સુધી બંધ કરી દેવામાં આવી છે. એનો મતલબ એ થયો કે, જે લોકોએ અત્યાર સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તે જ યાત્રિકોને ગંગોત્રી અને યમનોત્રીની યાત્રા કરવા મળશે. હરિદ્વારથી ઓફલાઈન રજીસ્ટ્રેશન કરાવીને યાત્રા કરવા ઈચ્છતા યાત્રિકો ૨૩ મી મે સુધી આ બન્ને ધામના દર્શને નહીં જઈ શકે. ચારધામ યાત્રાએ ગયેલા અનેક ગુજરાતીઓ હેરાન પરેશાન થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. યાત્રાધામના માર્ગ ઉપર એકાએક ટ્રાફિક વધી જતા વાહનોની ૨થી ૪ કિલોમીટર સુધી લાંબી કતાર લાગી જવા પામી છે. યાત્રાએ ગયેલા યાત્રાળુઓમાંથી મોટાભાગના ગુજરાતી અને સૌરાષ્ટ્રના વતની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ગંગોત્રી-યમનોત્રીમાં ભારે ટ્રાફિકના કારણે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સરકારી તંત્ર દ્વારા યાત્રાળુઓને માર્ગમાં રોકી દેવામાં આવ્યા છે. જેથી ઉપર જઈ રહેલા અને નીચે ઉતરી રહેલા વાહનોને કોઈ વધુ મુશ્કેલીનો સામનો ના કરવો પડે.

### અત્યાર સુધીમાં ૩૦૦ લોકોના મોત, હજારો બેઘર બન્યા

## અફઘાનિસ્તાનમાં અચાનક પૂરના કારણે તબાહી મચી ગઈ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

અફઘાનિસ્તાનમાં પૂરને કારણે અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ લોકોના મોત થયા છે અને હજારો મકાનોને નુકસાન થયું છે. હજારો પરિવારો બેઘર બન્યા છે અને હજારો પશુઓ પણ મૃત્યુ પામ્યા છે. યુનાઈટેડ નેશન્સ ફૂડ એજન્સીના જણાવ્યા અનુસાર પૂરના કારણે લોકોને ખાદ્ય ચીજોની અછતનો સામનો કરવો પડ્યો છે. મોટા પાયે માનવતાવાદી કટોકટી ઊભી થઈ છે.

અફઘાનિસ્તાનમાં ભારે વરસાદ અને પછી અચાનક આવેલા પૂરના કારણે અનેક જિલ્લાઓમાં તબાહી સર્જાઈ છે. અત્યાર સુધીમાં ૩૦૦ થી વધુ લોકોના મોત થયા છે અને હજારો ઘરોને નુકસાન થયું છે. હજારો પરિવારો બેઘર બન્યા છે અને હજારો પશુઓ પણ મૃત્યુ પામ્યા છે. યુનાઈટેડ નેશન્સ ફૂડ એજન્સીના જણાવ્યા અનુસાર પૂરના કારણે લોકોને ખાદ્ય ચીજોની



અછતનો સામનો કરવો પડ્યો છે. મોટા પાયે માનવતાવાદી કટોકટી ઊભી થઈ છે.અહેવાલો અનુસાર, દેશના ઉત્તરમાં સ્થિત બગલાન પ્રાંતના ૧૦ જિલ્લાઓમાં પૂરથી કુલ ૫૯૯૬ પરિવારો પ્રભાવિત થયા છે. તેમાંથી ૩૯૯૫ પરિવારોના મકાનો સંપૂર્ણપણે ધોવાઈ ગયા છે. પૂરમાં ૯૧૬૦ પશુઓના મોત થયા છે, જ્યારે ૧૯૦૭૦ એકર જમીન ડૂબી ગઈ છે.સ્થાનિક અધિકારી હેદાયતુલ્લાહ હમદર્દે સમાચાર એજન્સી એએફપીને જણાવ્યું હતું કે સૈન્ય સહિત કટોકટીના કર્મચારીઓ કાદવ અને કાટમાળ હેઠળ પીડિતોની શોધ કરી રહ્યા હતા. ઘર ગુમાવનારા પરિવારોને તંબુ, ધાબળા અને ખોરાક આપવામાં આવ્યો હતો. કાબુલને ઉત્તર અફઘાનિસ્તાન સાથે જોડતો મુખ્ય માર્ગ બંધ છે.

અધિકારીઓએ જણાવ્યું કે મુશળધાર વરસાદને કારણે બાગલાન, તખાર અને બદખ્શાન પ્રાંત તેમજ પશ્ચિમી ઘોર અને હેરાત પ્રાંતમાં ભારે નુકસાન થયું છે. આ દેશ ગરીબી સામે ઝઝૂમી રહ્યો છે અને ખેતી પર ખૂબ જ નિર્ભર છે.યુએનના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું કે અમે અફઘાનિસ્તાનના લોકો સાથે અમારી એકતા વ્યક્ત કરીએ છીએ અને પીડિતોના પરિવારો પ્રત્યે અમારી સંવેદના વ્યક્ત કરીએ છીએ. તેમના પ્રવક્તા સ્ટેફન દુજારિકે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર સહાય પૂરી પાડવા માટે સ્થાનિક સત્તાવાળાઓ સાથે કામ કરી રહ્યું છે.

### સુરત શહેરનાં ઘોડદોડ રોડ પરની ઘટના

## સુરતમાં પૂર્વ કોર્પોરેટર નલીનચંદ્ર કડીવાલાના માથે સ્લેબ પડતા મોત

### અચાનક છતના પોપડા તેમના માથા પર પડતા ગંભીર ઇજા થઈ હતી : સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

પૂર્વ નલીનચંદ્ર કડીવાલાનું ઘરે માથે પોપડા પડતા મોત નિપજ્યું હતું. પૂર્વ કોર્પોરેટર ઘરમાં બેઠા હતા, ત્યારે અચાનક છતના ભાગનો પોપડો માથા પર પડતા ગંભીર ઈજા પહોંચી હતી. જેમનું સારવાર દરમિયાન મોત હતું.

સુરત શહેરનાં ઘોડદોડ રોડ પર આવેલ રત્નકુંજ એપાર્ટમેન્ટ રહેતા ૬૯ વર્ષીય નલીનચંદ્ર બળવંતરાય કડીવાલા ભાજપના પૂર્વ કોર્પોરેટર રહી ચૂક્યા હતા. નલીનચંદ્ર ઘરમાં સોફા પર બેસેલા હતા. ત્યારે અચાનક છતના પોપડા તેમના માથા પર પડતા ગંભીર ઈજા થઈ હતી.

પરિવારજનો તેમને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. સુરત મહાનગર પાલિકામાં વર્ષ ૧૯૯૫માં જ્યારે ભાજપની પહેલી વખત બોર્ડ બની તેમાં નલીનચંદ્ર સભ્ય હતા.

### નવસારીના દાંડીના દરિયામાં મોટી દુર્ઘટના

## એક જ પરિવારના ૬ ડૂબ્યા, ૨નું રેસ્ક્યૂ, ચાર લોકો ગુમ

### રવિવારની રજા હોવાથી એક જ પરિવારના ૬ લોકો નવસારીના દાંડીના દરિયામાં ફરવા આવ્યા હતા

। (એજન્સી) નવસારી, તા.૧૩ ।

નવસારીના દાંડીના દરિયામાં મોટી દુર્ઘટના બની છે. દાંડીના દરિયામાં એક જ પરિવારના ૬ સભ્યો ડૂબ્યા છે. જેમાં ૨ લોકોને તો હોમગાર્ડે બચાવ્યા તો અન્ય ૪ લોકોની શોધખોળ ચાલી રહી છે. જાણવા મળી રહ્યું છે કે રવિવાર હોવાના કારણે પરિવાર નવસારીના દાંડીના દરિયામાં ફરવા માટે આવ્યો હતો.આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, આજે રવિવારની રજા હોવાથી એક જ પરિવારના ૬ લોકો નવસારીના દાંડીના દરિયામાં ફરવા આવ્યા હતા. જ્યાં છ લોકો દરિયાના પાણીમાં ગરકાવ થઈ જતા બૂમાબૂમ કરી મૂકી હતી. પોલીસ જવાનો અને હોમગાર્ડે ૨ લોકોને બચાવી લીધા હતા. જ્યારે અન્ય ચાર લોકો પાણીમાં તણાયા હતા. લાપતા ચાર લોકો ખડસૂપાના રહેવાસી છે. બે મહિલા અને બે પુરુષો પાણીમાં ગરકાવ થયા છે. જેમની શોધખોળ ચાલી રહી છે. નવસારીના દાંડી દરિયા કિનારે રજાની મજા માણવા પહોંચેલા ત્રણ પરિવારો દરિયાની ભરતીમાં ફસાયા હતા. ત્યારબાદ બુમાબુમ થતા કિનારેથી હોમગાર્ડે દરિયામાં દોડી બે પરિવારોને હેમખેમ બહાર કાઢ્યા હતા. જ્યારે રાજસ્થાનથી નવસારી ફરવા આવેલ મારવાડી પરિવારના ૬ સભ્યો દરિયામાં ડૂબ્યા હતા. જેમાંથી બેને બચાવી લેવાયા, જ્યારે ચાર લોકો દરિયામાં ગરકાવ થયા હતા. આ ઘટનામાં રાજસ્થાનના ભીલવાડાના ત્રણ બાળકો અને નવસારીના ખડાસૂપા ગામની એક મહિલા દરિયામાં ડૂબ્યા હોવાના સમાચાર મળી રહ્યા છે. ઘટનાની જાણ થતા ગામ આગેવાનો, સ્થાનિક તરવૈયા, નવસારી ફાયરના જવાનો અને જલાલપોર પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો. દરિયામાં ગુમ થયેલા રાજસ્થાની પરિવારના ચારેય સભ્યોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.



અમદાવાદમાં વધી રહેલ ગરમીના કારણે લોકો છત્રી લઈને બહાર નીકળી રહ્યા છે.

## આગામી ૪ દિવસ ગુજરાતમાં કમોસમી માવઠાનું સંકટ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ ફરી રાજ્યમાં કમોસમી વરસાદ પડવાની, અને પવન ફૂંકાવાની આગાહી કરી છે. રાજ્યમાં છેલ્લા પાંચ મહિનામાં ચોથી વખત કમોસમી વરસાદનું સંકટ સર્જાયું છે. દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ૧૩ નાં રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ વિસ્તારમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.તા. ૧૪ મે નાં રોજ રાજ્યનાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, મહીસાગર, દાહોદ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, આણંદ, વડોદરા, ભરૂચ, બોટાદ, ભાવનગર, તેમજ સુરતમાં હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહી અનુસાર સોમવારે દક્ષિણ ગુજરાતનાં તમામ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ જોવા મળશે. ૧૩ થી ૧૫ મે દરમ્યાન મધ્ય ગુજરાતનાં જીલ્લાઓમાં વરસાદ જોવા મળશે. જેમાં અમદાવાદ, આણંદ, નડિયાદ, ખેડા, વડોદરામાં આગામી ૩ દિવસ હવામાનમાં પલ્ટો જોવા મળશે. સમગ્ર રાજ્યમાં મધ્ય ગુજરાતમાં ગાજવીજ અને વરસાદની સૌથી વધુ તીવ્રતા જોવા મળશે. તેમજ બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને પાટણમાં આગામી ૩ દિવસ ગાજવીજ સાથે વરસાદ પડશે. ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગરનાં વાતાવરણમાં પલ્ટો આવશે. રાજકોટ અને જૂનાગઢમાં પણ આગામી ૩ દિવસ ગાજવીજ સાથે વરસાદ પડશે.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં શરૂ કરાયો હીટવેવ વોર્ડ

### હીટ સ્ટ્રોકનો ભોગ બનેલાને ઝડપી સારવાર મળે તે માટે વિશેષ વોર્ડ બનાવાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

આખા દેશમાં અને ખાસ કરીને રાજ્યમાં છેલ્લા ઘણા દિવસોથી ગરમીનો પારો ઊંચકાયો છે, પરંતુ હવામાન વિભાગની આગાહી અનુસાર વાતાવરણ માં પલટણ કારણે ગરમીમાં આંશિક રાહત પણ મળી છે. પરંતુ આગામી દિવસોમાં ગરમીનો પારો વધવાની પણ શક્યતા છે તેને ધ્યાનમાં લઈને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે હીટ સ્ટ્રોક વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં હીટ-સ્ટ્રોકની અસર થયેલા દર્દીઓને દાખલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જે લોકોને ચક્કર આવે, ઉલ્ટી થાય, આંખો સામે અંધારપટ છવાઈ જાય, ગભરામણ થાય તે તમામ લોકોએ તાત્કાલિક સારવાર લેવી જોઈએ. કેમકે તેઓને હીટસ્ટ્રોકની અસર થવાની શક્યતાઓ વધારે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલનાં અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ આ બાબતે જણાવ્યું હતું કે, ગરમીનાં દિવસોમાં લોકોએ ઘરની બહાર નીકળે છે, ત્યારે તાપમાનનો પારો વધુ હોવાનાં કારણે અને પુરતા પ્રમાણમાં પાણી નહી પીવાનાં કારણે ઘણા લોકો હીટસ્ટ્રોકનો ભોગ બને છે તેવા દર્દીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલમાં આવી રહ્યા છે. આવા લોકોને પ્રાથમિકતા આપી તેઓને સારી સારવાર મળી રહે તે માટે આ વિશેષ વોર્ડ બનાવવામાં આવ્યો છે. ડૉ. રાકેશ જોશીએ વધુમાં કહ્યું હતું કેહોસ્પિટલમાં આવતા દર્દીઓ સાથે તેઓનાં પરિવારજનો પણ આવે છે. તેમજ સિવિલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં ઓપીડીમાં દર્દીઓ આવે છે. તેમજ તેઓને લાઈનમાં ઉભા રહી રાહ જોવી પડે છે. એવા દર્દીઓનાં પરિવારજનો માટે ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં જ્યાં દર્દીઓનાં સગા ઉભા હોય તેઓને હોસ્પિટલનાં સ્ટાફ તરફથી પીવાનું પાણી આપવામાં આવે છે. તેમજ ત્યાં કૂલર પણ લગાવવામાં આવ્યા છે. ત્યારે કેટલાક લોકોને એવો ડર હોય છે કે તેઓ લાઈનમાંથી ખસીને પાણી પીવા જશે તો તેઓનો વારો જતો રહેશે જેથી ઘણા દર્દીઓનાં સગા વ્હાલાઓ પાણી પીવા પણ જતા નથી. જે સમસ્યાનાં નિરાકરણ માટે ટ્રોલીમાં પાણી ભરીને લાઈનમાં ઉભેલા દર્દીઓનાં સગા-વ્હાલાને પીવડાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

## લીંબડીના રોજાસર ગામે લગ્ન પ્રસંગમાં જમ્યા બાદ ૧૫થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગ

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૩ ।

લીંબડી તાલુકાના રોજાસર ગામે લગ્ન પ્રસંગમાં જમણવાર બાદ મોટી સંખ્યામાં લોકોને ફુડ પોઈઝનીંગની અસર થતાં દોડધામ મચી જવા પામી હતી અને તમામ લોકોને સારવાર અર્થે હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતાં જો કે કોઈ જાનહાનીનો બનાવ બન્યો નહોતો પરંતુ અનેક લોકોને સારવાર લેવાની નોંબત આવી હતી. આ ફૂડ પોઈઝનીંગ ની ઘટના લીંબડીના રોજાસર ગામે લગ્ન પ્રસંગમાં મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા ત્યાં બની હતી. લગ્ન પ્રસંગે જમણવાર પૂર્ણ થયા બાદ અચાનક ફુડ પોઈઝનીંગની અસર થતાં નાના બાળકો અને મહિલાઓ સહિત અંદાજે ૧૫ થી વધુ લોકોની તબીયત લથડતા તમામને સારવાર અર્થે રાણાગઢ સરકારી હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરનાં ડોક્ટરે તાત્કાલિક સારવાર શરૂ કરી દીધી હતી અને મોડીસાંજે મળતી માહિતી મુજબ સારવાર હેઠળ રહેલ તમામ લોકોની તબીયતમાં સુધારો જોવા મળ્યો હતો. લગ્ન પ્રસંગમાં કોઈ ખાદ્ય ચીજવસ્તુ આરોગવાથી ફુડ પોઈઝનીંગની અસર થઈ હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે જે મામલે આરોગ્ય વિભાગની ટીમને પણ જાણ કરતા આગળની તપાસ હાથધરી હતી.

## એકાએક ઉશ્કેરાઈ જતાં સુરતમાં યુવકની કરપીણ હત્યા કરાઈ

। (એજન્સી) ઓલપાડ, તા.૧૩ ।

સુરત જિલ્લાના ઓલપાડના દેલાડ ગામે અપશબ્દો બોલવાની નજીવી બાબતે બબાલ કરી રહેલ ઈસમે એકાએક ઉશ્કેરાઈ જઈ એક યુવકને ચપ્પુના ઘા ઝીંકી ઘાતકી હત્યા કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઓલપાડ પોલીસે ગણતરીની કલાકોમાં જ આરોપીને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. સુરત જિલ્લામાં લૂંટ, હત્યા, ચોરી જેવી ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. ત્યારે વધુ એક ઘાતકી હત્યાની ઘટના સામે આવી છે. ઓલપાડના દેલાડ ગામે UP ના વતની ગણેશ નાથુરામ રાજપૂત કરિયાણાની દુકાન પાસે વતનમાં ગામમાં સાથે રહેતા મિત્રો સાથે ઊભા થયા હતા. ત્યારે ગોલ્ડન ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતો સંદીપ રામસેવક રાજપૂત કરિયાણાની દુકાને સામાન લેવા આવ્યો હતો. તે સમયે સંદીપ નામનો ઈસમ અચાનક ગાળો બોલવા લાગ્યો હતો. જેને લઈને ગાળો નહિ બોલવાનું કહી ગણેશ એ એના મોટા ભાઈને ફોન કરી બોલાવ્યા હતા. સ્થળ પર પહોંચેલ શિવકાત નામના યુવકે સંદીપને સમજાવવાની કોશિશ કરતા સંદીપ એકાએક ઉશ્કેરાઈ ગયો હતો.

## ઓનલાઈન ગેમના કારણે ફરી એકવાર યુવાનનો જીવ લીધો

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

ઓનલાઈન ગેમ રમવાના ટ્રેન્ડમાં લોકોને તેની એટલી બધી આદત પડી જાય છે કે તેની ખોટી અસર તેમના જીવન પર થવા લાગે છે. નાના બાળકો, યુવાનો થી લઈને તમામ ઉંમરના લોકોને પણ ઓનલાઈન ગેમનું ભારે વળગણ હાલ જોવા મળે છે પરંતુ ઓનલાઈન ગેમ રમવાનો આ ચસકો કયારેક જીવલેણ સાબિત થઈ શકે છે તેવો જ એક બનાવ વડોદરામાં બન્યો છે જેમાં એક ૨૮ વર્ષીય યુવાને ઓનલાઈન ગેમના રવાડે ચડીને રૂપિયા હારી જતા આપઘાત કર્યો છે. આ મામલે પોલીસે મૃતકનો ફોન અનલોક કરવાની કામગીરી હાથ ધરીને આગળની તપાસ હાથ ધરી છે. આ એક આઘાતજનક ઘટના છે યુવાનના પરિવાર માટે, વડોદરાના એલેમ્બિક રોડ એફ. સી.આઈ.ગોડાઉનની બાજુમાં એક કોમ્પલેક્સમાં ૨૮ વર્ષનો યુવાન રહેતો હતો અને મજૂરી કામ કરતો હતો. તે પોતાની માતા સાથે રહેતો હતો જયારે તેના પિતાનું અવસાન થયું છે. આ યુવાનને ઓનલાઈન ગેમ રમવાનો ખૂબ ચસકો લાગ્યો હતો, તેની પાસે નવો ફોન ખરીદવાના પૈસા ન હોવાથી જૂનો મોબાઈલ ફોન રિપેર કરાવ્યો હતો.

## મુખ્ય સૂત્રધાર ગણાતા બંને આરોપીઓને ઝડપી લેવાયા

। (એજન્સી) ગોધરા, તા.૧૩ ।

પંચમહાલથી સામે આવેલ NEET પ્રકરણ મામલે પંચમહાલ પોલીસને મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. મુખ્ય સૂત્રધાર ગણાતા બંને આરોપીઓને રાજસ્થાનના બાંસવાળાથી જિલ્લા એલસીબીની ટીમે ગત રાત્રે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. છેલ્લા કેટલાક દિવસથી રાજ્ય સહિત દેશના શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચાવનાર પંચમહાલથી સામે આવેલા NEET પ્રકરણમાં આરોપી વડોદરાના પરશુરામ રોયને ઝડપી પાડ્યાના એક દિવસ બાદ જ મુખ્ય આરોપીઓ એવા તુષાર ભટ્ટ અને આરીફ વોરાને પણ રાજસ્થાનના બાંસવાળાથી સ્વીફ્ટ કાર સાથે ઝડપી પાડ્યા હતા. બંને આરોપીઓ છેલ્લા કેટલાક દિવસથી પોલીસને ચકમો આપી ગુજરાતથી રાજસ્થાન પહોંચી ગયા હતા. જો કે પંચમહાલ એલસીબી પોલીસે ટેક્નિકલ અને હ્યુમન સોર્સીસથી બંને આરોપીને ગણતરીના દિવસોમાં જ ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. જો કે ઝડપાયેલા બંને આરોપીઓને આવતી કાલે રિમાન્ડ માટે કોર્ટ માં રજૂ કરવામાં આવનાર છે. કોર્ટમાંથી રિમાન્ડ મેળવ્યા બાદ થશે આકરી પૂછપરછમાં NEET ષડયંત્ર મામલે અનેક રાજ પરથી પડદો ઉઠી શકે છે. ગત ૫મેના રોજ ગોધરાની જય જલારામ સ્કૂલ પરીક્ષા કેન્દ્રમાં મેડિકલમાં પ્રવેશ માટે ખૂબ જ મહત્વની ગણાતી NEETની પરીક્ષા યોજાઈ હતી. જે મામલે જિલ્લા કલેક્ટરને અગાઉ થી બાતમી મળેલ હતી કે આ કેન્દ્ર પર નાણાકીય વ્યવહાર લઈ કેટલાક વિદ્યાર્થીઓને પરીક્ષા પાસ કરાવી મેરીટમાં લાવવાનો સોદો થયો છે. બાતમીના આધારે જિલ્લા કલેક્ટરે શિક્ષણ વિભાગના અધિકારી સાથે ટીમ બનાવી પરીક્ષાના દિવસે જ પરીક્ષા કેન્દ્ર પર છાપો મારતા જેમના નામની બાતમી મળી હતી. તે તુષાર ભટ્ટની કારમાંથી ૭ લાખ રોકડ મળી આવી હતી. સાથે જ તેના મોબાઈલ ચેક કરતા ગોધરાના આરીફ વ્હોરા અને પરશુરામ રોય પણ આ ષડયંત્ર માં સામેલ હોવાની ચોકવનારી હકીકતો સાથે કેટલીક મહત્વની વોટ્સએપ ચેટ અને પુરાવાઓ મળી આવ્યા હતા. જે સંદર્ભે ગોધરા તાલુકા પોલીસ મથકે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા જય જલારામ સ્કૂલના શિક્ષક તુષાર ભટ્ટ, આરીફ વ્હોરા અને પરશુરામ રોયની સામે પોલીસ ફરિયાદ નોંધાવવા માં આવી હતી. પોલીસ ફરિયાદ બાદ પોલીસે સૌ પ્રથમ આરોપી પરશુરામ રોયને વડોદરાથી ઝડપી પાડ્યો હતો. જ્યારે તુષાર ભટ્ટ અને આરીફ વ્હોરાને આજે બાંસવાળાથી ઝડપી પાડવામાં આવ્યા છે.

આવતી કાલે બંને આરોપીઓને ગોધરા કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે. જ્યાં પોલીસ દ્વારા તુષાર ભટ્ટ અને આરીફ વ્હોરાની પૂછપરછ માટે પોલીસ કસ્ટડી રિમાન્ડની માંગણી કરવામાં આવશે.

# મેઘાલયમાં ભારત-ફ્રાન્સની સંયુક્ત લશ્કરી કવાયત શક્તિનો પ્રારંભ






। નવી દિલ્હી ।

ભારત-ફ્રાન્સ સંયુક્ત લશ્કરી કવાયત શક્તિની ૭મી આવૃત્તિ આજે મેઘાલયમાં સંપૂર્ણ વિકસિત અને આધુનિક ફોરેન ટ્રેનિંગ નોડમાં ઉમરોઈ ખાતે શરૂ થઈ. આ કવાયત ૧૩થી ૨૬ મે ૨૦૨૪ દરમિયાન યોજાશે. સંયુક્ત કવાયતના ઉદઘાટન સમારોહમાં ભારતમાં ફ્રાન્સના રાજદૂત એચ.ઈ. થિયરી માથૌ અને જનરલ ઓફિસર કમાન્ડિંગ ૫૧ સબ એરિયાના મેજર જનરલ પ્રસન્ના સુધાકર જોશી ઉપસ્થિત રહ્યાં. વ્યાયામ શક્તિ એ ભારત અને ફ્રાન્સમાં વૈકલ્પિક રીતે આયોજિત દ્વિવાર્ષિક તાલીમ કાર્યક્રમ છે. છેલ્લી આવૃત્તિ નવેમ્બર ૨૦૨૧માં ફ્રાન્સમાં આયોજિ કરવામાં આવી હતી.

૯૦ કર્મચારીઓની બનેલી ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ મુખ્યત્વે રાજપૂત રેજિમેન્ટની એક બટાલિયન કરશે. આ ઉપરાંત અન્ય શસ્ત્રો અને સેવાઓના કર્મચારીઓ પણ સાથ આપશે. ભારતીય નૌકાદળ અને ભારતીય વાયુસેનાના નિરીક્ષકો પણ આ કવાયતનો ભાગ બનશે. ૯૦ કર્મચારીઓની બનેલી ફ્રેન્ચ ટુકડીનું પ્રતિનિધિત્વ મુખ્યત્વે ૧૩મી ફોરેન લીજન હાફ-બ્રિગેડ (૧૩મી ડીબીએલઈ)ના કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે. કવાયત શક્તિનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્રના આદેશના પ્રકરણ ફૈં હેઠળ પેટા-પરંપરાગત પરિસ્થિતિમાં બહુ-ડોમેન કામગીરી હાથ ધરવા માટે બંને પક્ષોની સંયુક્ત લશ્કરી ક્ષમતાને વધારવાનો છે. સંયુક્ત કવાયત અર્ધ-શહેરી અને પર્વતીય વિસ્તારોમાં કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરશે. સંયુક્ત તાલીમમાંથી હાંસલ કરવાના હેતુઓ ઉચ્ચ સ્તરની શારીરિક તંદુરસ્તી, વ્યૂહાત્મક સ્તરે કામગીરી માટે રિહર્સલ અને રિફાઈનિંગ કવાયત તેમજ શ્રેષ્ઠ પ્રેક્ટિસની વહેંચણી કરવાનું સામેલ છે.

કવાયત દરમિયાન પ્રેક્ટિસ કરવામાં આવનાર વ્યૂહાત્મક કવાયતમાં નિર્ધારિત પ્રદેશને કબજે કરવાની આતંકવાદી કાર્યવાહીનો પ્રતિસાદ, સંયુક્ત કમાન્ડ પોસ્ટની સ્થાપના, ગુપ્તચર અને દેખરેખ કેન્દ્રની સ્થાપના, હેલિપેડ/લેન્ડિંગ સાઈટની સુરક્ષા, નાની ટીમ દાખલ કરવી અને નિષ્કર્ષણ સહિતની કવાયત સામેલ છે. આ ઉપરાંત સ્પેશિયલ હેલિબોર્ન ઓપરેશન્સ, કોર્ડન અને સર્ચ ઓપરેશન્સ તેમજ ડ્રોન અને કાઉન્ટર ડ્રોન સિસ્ટમ્સનો ઉપયોગ પણ સામેલ છે. શક્તિ અભ્યાસ બંને પક્ષોને સંયુક્ત કામગીરી હાથ ધરવાની રણનીતિ, તકનીકો અને પ્રક્રિયાઓમાં તેમની શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરવામાં સક્ષમ બનાવશે. આ સંયુક્ત કવાયત બંને દેશોના સશસ્ત્ર દળોના જવાનો વચ્ચે આંતર-સંચાલનક્ષમતા, સૌહાર્દ અને મિત્રતા વિકસાવવામાં મદદ કરશે. આનાથી સંરક્ષણ સહયોગના સ્તરમાં પણ વધારો થશે, જે બંને મિત્ર રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ ઉત્તેજન આપશે.

















ઓડિશાના બેરહામપુરમાં એફએલએન મોડલ સ્કૂલ મધુ વિદ્યાપીઠા પ્રાથમિક શાળા દિગપહાંડી ગંજમ જિલ્લામાં લોકસભાની ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદાન કરવા માટે લાઇનમાં પોતાના ઓળખ કાર્ડ લઈને ઊભા રહેલા મતદારો.





શ્રીનગર, જમ્મુ અને કાશ્મીરમાં વોલ્ડર્ન સ્કુલ, નાટીપોરા ખાતે લોકસભાની ચૂંટણી દરમિયાન પોતાના મતદાન કર્યા પછી અવિશ્વસનીય શાહીનું ચિહ્ન દર્શાવતી સ્ત્રી મતદારો.





ઉત્તરપ્રદેશમાં બહરાઈચ ખાતે લોકસભાની ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મત આપવા માટે ઉભેલા આદિવાસી મતદારો.






હૈદરાબાદના વુમન કોલેજ ખાતે લોકસભાની ચૂંટણી દરમિયાન પોતાનો મતદાન કરવા માટે લાઇન ઊભા રહીને પોતાનો મતદાન કરતા સ્ત્રી મતદારો.

## તંત્રી લેખ...

# પ્રાણી માતૃત્વ ભાવને લઇને ક્યારેય કચાસ રાખતો નથી

ભાવનાઓ તમામ પ્રાણીઓમાં જોવા મળે છે, પરંતુ તે હંમેશાં પ્રદર્શિત થાય એવું નથી હોતું. મનુષ્યનું અસ્તિત્વ તો ભાવનાઓ સાથે જ જોડાયેલું રહે છે. જીવનના પ્રારંભથી જ તે કોઈને કોઈ રૂપે સામે આવતી રહે છે. ભાવનાહીન કે અસંવેદનશીલ વ્યક્તિનું હોવું અસંભવ છે. ભલે તેના પરિવેશમાં તેમની ભાવનાઓને નિરર્થક કે તુચ્છ માનીને એક કિનારી કરી દેવામાં આવ્યા હોય. સ્નેહ, પ્રેમ, ક્રોધ, ઘૃણા, કરુણા અને હીનતા જેવી કેટલીય ભાવનાઓ આપણા વ્યક્તિત્વની પ્રગતિ કે અધોગતિ માટે જવાબદાર હોય છે. હીન ભાવનાથી જે પીડિત હોય છે, સામાન્ય રીતે તેને તેનો આભાસ નથી હોતો અને બીજા પણ તેની આ સમસ્યાથી અજાણ રહે છે. હીનભાવના મોટાભાગે બાલ્યાવસ્થાથી જ આકાર લેવા લાગે છે. જો તેનું સમયસર નિવારણ ન થાય તો કષ્ટકારક વ્યાધિનું રૂપ ગ્રહણ કરી શકે છે. જોકે આ કોઈ માનસિક બીમારી નથી, પરંતુ શરૂઆતથી જ જો કોઈ પ્રતિકૂળ વ્યવહાર, પક્ષપાતી વલણ કે અસંપન્નતાનો સામનો કરતું આવ્યું હોય તો ધીમે ધીમે તેનામાં હીનભાવના પેદા થવી સ્વાભાવિક છે. મનુષ્ય કેટલીય વાર પોતાની ખામીઓને પૂરી કરવા માટે યોગ્ય કે અયોગ્ય ગમે તે માર્ગ પર ચાલી નીકળે છે. મનોવિજ્ઞાનીઓ અનુસાર હીનભાવનાથી ગ્રસ્ત લોકો ખુદની અલ્પતાઓને દૂર કરવા માટે શ્રેષ્ઠતાનો ઢોંગ કરવા લાગે છે. આ તેમનો સ્વભાવ બની જાય છે. તેઓ વિના કારણે પોતાના કરતાં શ્રેષ્ઠ લોકોનું દરેક પ્રકારે ઉત્પીડન કરવા લાગે છે, પરંતુ ગમે તેટલાં કૃત્રિમ આવરણોથી હીનભાવના છૂપી નથી રહેતી. તેમનું વ્યક્તિત્વ, ચાલચલન, બોલચાલ ક્યાંકને ક્યાંક તેમની અસલિયતને ઉઘાડી પાડી જ દે છે. એવા લોકોએ ઉત્તમ દેખાવાનો પ્રયાસ છોડીને અધ્યાત્મ, ધ્યાન અને સમાજસેવામાં લાગી પડવું જોઈએ. આ પ્રકારે તેઓ ખુદ શ્રેષ્ઠતા તરફ અગ્રેસર થઈ જશે. માતૃત્વ અને પરિવાર ભાવના મનુષ્ય કરતાં પ્રાણી જગતમાં સૌથી વધારે જોવા મળે છે જંગલનો કોઈ પણ પ્રાણી માતૃત્વ ભાવને લઈને ક્યારેય કચાસ રાખતો નથી ખોરાક થી લઈને રક્ષણ વિપરીત પરિસ્થિતિમાં જીવનને બચાવવું અને શિકારી પ્રાણીઓ દ્વારા કરવામાં આવતા હુમલાઓથી કઈ રીતે બચી શકાય આ તમામ પ્રકારની તાલીમ અને માર્ગદર્શન જંગલના હિસક અને અન્ય પ્રાણીઓ પોતાના બચ્ચાને પૂરો પાડીને માતૃત્વનું ઉદાહરણ રજૂ કરે છે મનુષ્યમાં આ પ્રકારની માતૃત્વની ભાવના સતત જોવા મળતી નથી જ્યારે જંગલ ના તમામ પ્રાણી પશુ-પક્ષીઓમાં માતૃત્વની ભાવના સતત અને એક સરખી રીતે જોવા મળતી હોય છે જેને કારણે જંગલ નું જીવન આજે પણ માતૃત્વ ભાવનાથી છલોછલ જોવા મળે છે. સિંહણના બચ્ચાનો જન્મ થવાની સાથે જ જંગલના નિયમો અને તેની તાલીમ આપવાની શરૂઆત કરે છે.

## જે વસ્તુનું અસ્તિત્વ નથી અથવા જે છે જ નહિ તેને શરૂઆત ન હોય શકે



પ્રત્યેક ભૌતિક વસ્તુઓને એક શરૂઆત અને એક અંત હોય જ છે. પણ જ્યારે તમે ''આત્મા'' શબ્દનો ઉપયોગ કરો, જે આજે બહોળા પ્રમાણમાં વપરાય છે, ત્યારે આપણે કોઈ ભૌતિક વસ્તુની વાત નથી કરી રહ્યા. હું આ શબ્દ ક્યારેય વાપરતો નથી, પરંતુ માની લો કે ''આત્મા'' શબ્દ આપણે તમારા અભૌતિક પરિમાણ માટે વાપરીએ. જે ભૌતિક નથી તેને શરૂઆત અને અંત નથી. જે કંઈ અભૌતિક છે એટલ્ર કે, તેનું અસ્તિત્ત્વ નથી કારણ કે, અસ્તિત્ત્વનો વિચાર ખૂબ ભૌતિક છે. જે વસ્તુ ભૌતિક નથી તેને તમે અવકાશ કહો છો. જ્યારે તમે ''આત્મા'' શબ્દનો ઉપયોગ કરો, જે આજે વાત વાતમાં વપરાય છે, ત્યારે તમે ભૌતિક વસ્તુ વિષે વાત નથી કરી રહ્યા. જે વસ્તુનું અસ્તિત્વ નથી અથવા જે છે જ નહિ તેને શરૂઆત ન હોય શકે. જેને શરૂઆત નથી તે જૂની કે નવી ન હોઈ શકે. આવી તેને એવી બાબતો લાગુ પડતી નથી. આ એવું છે કે, તમારી પાસે વજનકાંટો છે, તમે તેની ઉપર ઊભા રહ્યા અને તમારું વજન જોયું, જે સ્વાસ્થ્યના પુસ્તકોમાં દર્શાવ્યાનુસાર ચોક્કસ છે. પછી તમને વિચાર આવે કે ધરતીમાંનું વજન જેટલું અને તમે કાંટાને ઊંધો કરી દીધો. ટૅક્નીકલી તો પૃથ્વી વજનકાંટા ઉપર આવી ગઈ કહેવાય. તમે જાણો છો, લોકો શીર્ષાસન કેમ કરે છે - કારણ કે તેમને પૃથ્વીને પોતાના માથા પર ઊંચકી હોય તેવો અનુભવ કરવાનો ગમે છે. જો તમે કોઈ ચોક્કસ અંતરથી તે શીર્ષાસન કરતી વ્યક્તિનો ફોટો ખેંચો અને તેને ઉલટાવી દો, તો તમને શીર્ષાસન કરતી વ્યક્તિએ માથા પર પૃથ્વી ઊંચકી હોય તેમ લાગશે. જો તમે વજનકાંટાને ઉલટાવશો તો તમને તે મશીનનું વજન જોવા મળશે પણ, પૃથ્વીનું વજન જાણવા નહીં મળે. તે આના જેવું છેઃ હાલમાં, તમે તમારા મન દ્વારા જે અભૌતિક છે તેને સમજવાનિ પ્રયત્ન કરી રહ્યા છો. તે તમારા વજન કરવાના કાંટા વડે પૃથ્વીનું વજન માપવા જેવું છે. જો તમે તેની ઉપર ઊભા રહો તો તે તમારું ચોક્કસ વજન બતાવશે, પણ જો તમે તેની ઉપર ધરતી માતાને બેસાડવાનું ઈચ્છો તો તે ન થઈ શકે કારણ કે, એ તે પ્રમાણે કામ નથી કરતું. તેથી તમે જ્યારે ''આત્મા'' શબ્દનો ઉપયોગ કરો, ત્યારે તમે માત્રા વિષે વાત ન કરી શકો. માત્રા અને અભૌતિક બાબતો એકસાથે ન સંભવી શકે. માત્રા ભૌતિક બાબતોને લાગુ પડે છે. કેટલું જૂનું, કેટલું બધું, કેટલું મોટું, કેટલું નાનું - આ બધી બાબતો અસ્તિત્વની ભૌતિકતા સાથે સંકળાયેલી છે, અભૌતિક બાબતો સાથે નહિ. તેથી, જો કોઈ તમને આવો પ્રશ્ન પૂછે તો તમે હારી ન જતા. તેમને સામે માત્ર પ્રશ્ન કરજો, ''તમે જાણો છો કે જીવજંતુઓ ની વસ્તી ઓછી થઈ ગઈ છે?'' આ સહદેવની ચતુરાઈ છે. મહાભારતના સમયમાં સેનામાં હજારોની સંખ્યામાં સૈનિકો હતા. આજે માનવ વસ્તી અત્યંત વધી છે અને પૃથ્વી પર કરોડો લોકો વસે છે. આપ પહેલાની અને હાલની આત્માઓની હકીકત સમજાવી શકો? અને એ કે આટલા લોકો આવે કઈ રીતે છે? આ બધી નવી આત્માઓ ક્યાંથી આવે છે? તમારે સમજવાની જરૂર છે કે, જેમ તમારું શરીર ભૌતિક છે, તેમ તમારું મન પણ

**ભોજનની જેમ ભજનમાં પણ નિયમ રાખવો જોઇએ, બાર વર્ષ નિયમપૂર્વક સત્કર્મ કરો, ગમે તે હોય ભગવાનનું ભજન નિયમિત કરો**

# કણનો દુરુપયોગ કરે એ દરિદ્ર થાય છે અને ક્ષણનો દુરુપયોગ કરે તેનું જીવન બગડે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભગવાન સહેજ કેપકો અથી છે કે, તમે તો અર્જુનને, મારા ભક્તને બાણ માર્યાં છે તે કેમ ભૂલાય? ભીષ્મ કહે છે, તે વખતે મારું શરીર કૌરવ પક્ષમાં હતું, પણ મારું મન પાંડવ પક્ષમાં હતું, બાણ છોડતો ત્યારે પાંડવોનો જય થાઓ! એવું બોલીને હું બાણ છોડતો હતો.**

વાણી અને પાણીની સાથે અનાજનો પણ વિવેક પૂર્વક ઊપયોગ કરી એક ઉમદા જીવનનો રાહ ચિતરવા પ્રયત્ન કરીએ અને મૌજમાં રહીએ બસ આજ જીવનનો ઉમદા ઉપદેશ છે. ભોજનની જેમ ભજનમાં પણ નિયમ રાખવો જોઇએ. બાર વર્ષ નિયમપૂર્વક સત્કર્મ કરો. તે પછી અનુભવ થશે. ગમે તે હોય ભગવાનનું ભજન નિયમિત કરો. તે પછી ભીષ્મપિતા ભગવાનની સ્તુતિ કરે છે. દર્શન કરતાં ભીષ્મપિતા કહે છે કે, પ્રભુ, હું તમને શું ભેટ અર્પણ કરું? હે નાથ, મારાં મન, બુદ્ધિ આજે તમારાં ચરણમાં અર્પણ કરું છું. આ જીવ લુચ્ચો છે. કાંઈક મુશ્કેલી આવે ત્યારે રણછોડરાયનાં દર્શન કરવા જાય છે. રણછોડરાયજીને અગિયાર રૂપિયા ભેટમાં મૂકે છે અને કહે છે કે, મેં કોર્ટમાં મારા ભાઈ ઉપર દાવો કર્યો છે. મારું ધ્યાન રાખજો. વકીલને રૂપિયા ૩૦૦ આપે અને ઠાકોરજીને અગિયારમા પતાવે છે. અર્પણ કરવું જ હોય તો ભગવાનને મન, તમારી બુદ્ધિ અર્પણ કરો. ભીષ્મસ્તુતિનો પાઠ કરતા એમ લાગે છે કે, ભક્તિ જ મરણ સુધારે છે. જ્ઞાન ઉપર ભરોસો રાખશો નહીં. કેટલીક વખત જ્ઞાન મરણ બગાડે છે. ભીષ્મપિતા જ્ઞાન ઉપર ભરોસો રાખતા નોશો. ભગવાનને શરણે આવ્યા છે. ભીષ્મપિતા કહે છે, હું આપને શરણે આવ્યો છું. એવું બોલતા નથી કે, હું બ્રહ્મરૂપ છું. કહે છે કે, હું તમારો છું. તમારા શરણે આવ્યો છું. ભગવાન સહેજ કેપકો અથી છેકે, તમે તો અર્જુનને, મારા ભક્તને બાણ માર્યાં છે તે કેમ ભૂલાય? ભીષ્મ કહે છે, તે વખતે મારું શરીર કૌરવ પક્ષમાં હતું. પણ મારું મન પાંડવ પક્ષમાં હતું. બાણ છોડતો ત્યારે પાંડવોનો જય થાઓ! એવું બોલીને હું બાણ છોડતો હતો. શ્રીકૃષ્ણ કહે છે, જો એમ જ હતું, જો તમારું મન પાંડવપક્ષમાં હતું, તો તન પણ ત્યાં કેમ ન રાખ્યું? ત્યારે ભીષ્મ કહે છે કે, મેં વિચાર કર્યો કે હું જો પાંડવપક્ષમાં રહીશ, તો અર્જુનના રથ ઉપર વિરાજેલા પાર્થ સારથિનાં મને દર્શન કેમ થશે? એટલે તમારાં દર્શન કરવા માટે હું સામા પક્ષમાં જઈને ઊભો હતો. પાંડવપક્ષમાં રહીને લડું તો તમારાં સ્વરૂપનાં દર્શન મને બરાબર ન થાય. કૌરવપક્ષમાં રહું, તો તમારી સામે ઊભા રહીને લડવું પડે એટલે તમારાં દર્શનનો પૂર્ણ લાભ મળે. આમ કહી ભીષ્મ શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છેઃ જેમનું શરીર ત્રિભુવન સુંદર અને નીલા તમાલના જેવું નીલવર્ણ છે, જેના ઉપર સૂર્યકિરણો સમાન શ્રેષ્ઠ પિતાંબર ફરફરી રહ્યું છે અને મુખ ઉપર કમળ સમાન ગૂંચવાયેલી લટો લટકી રહી છે એવા અર્જુનસખા શ્રીકૃષ્ણમાં મારી નિષ્કપટ પ્રીતિ થાઓ! એવા પાર્થસારથીના મને રોજ દર્શન થાઓ! હે શ્રીકૃષ્ણ મારા ઈન્દ્રિયોરૂપી ઘોડા હું આપને સોંપું છું. શરીર રથ છે, ઈન્દ્રિયો ઘોડા છે. મારી બુદ્ધિ અને મન આપને અર્પણ કરું છું. હવે શું રહ્યું મન અને બુદ્ધિ દેવાઈ ગયાં. ભગવાન એ જ માગે છે ને? ભગવાન વિચારવા લાગ્યા, ડોસો ચતુર છે, કેવું સરસ બોલે છે! આ જીવ ઠાકોરજીને કાંઈક અર્પણ કરે છે, ત્યારે ભગવાન પ્રસન્ન થાય છે. ભીષ્મ કહે છે, મને યુદ્ધના સમયની પ્રભુની એ વિરલ છબી યાદ આવે છે. તેમના મુખ ઉપર લહેરાતી વાળની લટો થોડાઓના પગથી ઊડતી ધૂળથી મેલી થઈ હતી અને પસીનાનાં નાનાં નાનાં બિંદુઓ શોભી રહ્યા હતાં. મારા તીક્ષ્ણ બાણો વડે હું તેમની ચામડીને વીંધી રહ્યો હતો. એવા સુંદર કવચધારી શ્રીકૃષ્ણ પ્રતિ મારું શરીર, અંતઃકરણ અને આત્મા સમર્પિત થઈ જાઓ! આપણે પણ પ્રાર્થના કરીએ કે, આપ મારા શરીરરથ ઉપર વિરાજો. મારા ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ કાબૂ બહાર જાય તો તેને અટકાવજો. મેં મારા શરીરરથની લગામ તમારા હાથમાં સોંપી છે. મારી ઈન્દ્રિયોને કબજે રાખો. મારો રથ સહીસલામત પાર ઉતારો! ભીષ્મ કહે, હે નાથ, જગતમાં તમે મારી કેટલી પ્રતિષ્ઠા વધારી? મને કેટલું માન આપ્યું? મારી પ્રતિજ્ઞા સત્ય કરવા તમે તમારી પ્રતિજ્ઞા જતી કરી! શ્રીકૃષ્ણે મહાભારત યુદ્ધમાં કોઈ અસ્ત્રશસ્ત્ર હાથમાં ન લેવાની પ્રતિજ્ઞા કરેલી. ભીષ્મે કહેલું, હું એવું લડીશ કે શ્રીકૃષ્ણને હાથમાં શસ્ત્ર લેવું જ પડશે. હું શ્રીકૃષ્ણ પાસે શસ્ત્ર લેવડાવીશ. ભીષ્મનાં બાણોથી અર્જુનને મૂર્છા આવી ગઈ. શ્રીકૃષ્ણે વિચાર્યું, આ ડોસો મારા અર્જુનને મારી નાખશે તો અનર્થ થશે. મારી પ્રતિજ્ઞા ગઈ ખાડામાં! ભગવાન રથ ઉપરથી કૂદી પડ્યા અને હાથમાં રથનું પૈડું લઈ ભિષ્મ તરફ દોડયા. ભીષ્મે તે વખતે નમન કર્યું. ભગવાનનો જય જયકાર કર્યો. ભગવાન કેવા દયાળુ છે? ભક્તોની પ્રતિજ્ઞા સત્ય કરવા તે પોતાની પ્રતિજ્ઞા જતી કરે છે. ઠાકોરજીની આ લીલા છે. ભગવાન ભક્તોને ખૂબ માન આપે છે. મારી હાર, પણ મારા ભક્તોની જીત.ભીષ્મ કહે છે કે,મારીપ્રતિજ્ઞા પણ સાચી અને શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞા પણ સાચી. તે વખતે મને શ્રીકૃષ્ણનાં બે સ્વરૂપો દેખાયાં હતાં. એક સ્વરૂપે તે રથમાં બિરાજલાં હતા અને બીજા સ્વરૂપે તે રથમાં કૂદી પડ્યા હતા. અર્જુન મૂર્છામાં છે. આ ઘોડાઓ રથને ખાડામાં લઈ જાય તો અર્જુનને શું થાય? તેથી એક સ્વરૂપે રથમાં રહ્યા. જે સ્વરૂપે રથમાં હતા તે સ્વરૂપે અસ્ત્રશસ્ત્ર લીધું નથી. ભીષ્મ એટલે ભયંકર. ભયંકર કોણ? મન એ ભયંકર છે. ભીષ્મ એટલે મન. અર્જુન એ જીવાત્મા છે. મન આવેશમાં આવે ત્યારે સંકલ્પ-વિકલ્પરૂપી બાણ મારે છે. એટલે જીવ-અર્જુન ઘાયલ થાય છે. તેને મૂર્છા આવે છે. પછી ભગવાન સુદર્શન ચક્ર લઈને મનને મારવા જાય છે ત્યારે મન શાંત થાય છે. એટલે કે આ જીવ પરમાત્માને શરણે જાય ત્યારે પરમાત્મા આ મનને શાંત કરે છે. મન સંકલ્પ-વિકલ્પ ન કરે તો તે મન આત્મસ્વરૂપમાં મળી જાય છે, ત્યારે જીવને શાંતિ મળે છે. ભીષ્મે કરેલી સ્તુતિ અનુપમ છે. તે કંઠસ્થ કરવા જેવી છે. એને ભીષ્મ સ્તવરાજ સ્તોત્ર પણ કહે છે. તે પછી ભીષ્મ ઉત્તરાયણમાં દેહ છોડે છે. ભીષ્માચાર્ય ભાગવત સ્વરૂપમાં લીન થાય છે. ઉત્તરાયણ મરણ એટલે જ્ઞાનની અથવા ભક્તિની ઉત્તરાવસ્થામાં પરિપક્વ દશામાં મરણ.બાકી ઘણાપાપીઓ ઉત્તરાયણમાં મરણ પામે છે. તેઓ સદગતિ પામતા નથી. ઘણા યોગીઓ દક્ષિણાયણ માં મરણ પામે છે તેઓની દુર્ગતિ થતી નથી. દક્ષિણ દિશામાં યમપુરી છે, નરકલોક છે. નરકલોક એટલે અંધકાર. પરમાત્માનું જેને અજ્ઞાન છે, પરમાત્માનો અનુભવ કર્યા વગર જે મરે છે તેનું દક્ષિણા યણમાં મરણ થયું કહેવાય. સંતોનો જન્મ આપણી જેમ સાધારણ હોય છે પણ મૃત્યુ મંગલમય હોય છે. ભીષ્મ મહાજ્ઞાની હતા તેમ છતાં પ્રભુપ્રેમમાં તન્મય થઈને માર્યા છે. તે બતાવે છે કે ભક્તિ શ્રેષ્ઠ છે. મરણ કોનું સુધાર્યું? જેના મરણ વખતે દેવો વાજાં વગાડે તેનું. ભીષ્મના પ્રયાણ વખતે દેવો વાજાં વગાડે છે. માટે કરણી એવી કરો કે તમે આવ્યા ત્યારેદુનિયા હસી હતી ને તમે રોયા હતા, પણ તમે જાઓ ત્યારે તમે હસો ને દુનિયા રડે! માનવજીવનની છેલ્લી પરીક્ષા મૃત્યુ છે. જેનું જીવન સુધરે છે એનું મૃત્યુ સુધરે છે. જેનું મૃત્યુ બગડયું એનું જીવન બગડયું. પ્રતિક્ષણનો જે સદુપયોગ કરશે તેનું મૃત્યુ સુધરશે. કણનો અને ક્ષણનો દુરુપયોગ ન કરો. કણનો દુરુપયોગ કરે એ દરિદ્ર થાય છે અને ક્ષણનો દુરુપયોગ કરે તેનું જીવન બગડે છે. પ્રતિદિન સંયમને વધારો. સંયમ વધારી પ્રભુના સતત સ્મરણની આદત પડે તો મરણ સુધરે. અંતકાળનો સમય બહુ કઠણ છે. આખું જીવન જેની પાછળ જશે તે જ અંતકાળે યાદ આવશે.મનુષ્ય પ્રયત્ન વિના ઈશ્વર કૃપા કરતા નથી. આખું જીવન જે ભાગવત સ્મરણ કરશે, તે કદાચ અંતકાળે ભગવાનને ભૂલી જાય, તો પણ ભગવાન તેને યાદ કરશે. સત્કર્મ વ્યર્થ જવાનું નથી. મારો ભક્ત મને ભૂલે પણ હું નહીં ભૂલું એ ભગવાનનો કોલ છે. ભીષ્મદાદાના મરણથી યુધિષ્ઠિરને દુઃખ થયું, પરંતુ દાદાને સદ્ગતિ મળી તેથી તેમને આનંદ થયો. ધર્મરાજા યુધિષ્ઠિર ગાદી ઉપર વિરાજ્યા છે.ધર્મરાજાના રાજ્યમાં દુકાળ નથી, અતિવૃષ્ટિ નથી, અનાવૃષ્ટિ નથી.ધર્મરાજાના પવિત્ર રાજ્યમાં કોઈ મૂર્ખ નથી, કોઈને રોગ નથી. બધા ધર્મની મર્યાદાનું પાલન કરે છે.અનેક જન્મોની ભોગવાસના મનમાં છે. તેનો જલ્દી ત્યાગ થઈ શકતો નથી, પરંતુ વિવેકભોગ ભોગવે તો અંત કાળ સુધી ઈન્દ્રિય સાજી રહે. ધર્મની મર્યાદામાં રહી મનુષ્ય અર્થ, કામ ભોગવે તો દુઃખી થાય નહીં. સદાચાર અને સંયમ નહીં વધારો, તો સંપત્તિ પણ આનંદ નહીં આપે. મનને એકદમ સંકલ્પ રહિત કરવું કઠણ છે, માટે પવિત્ર સંકલ્પ કરો અને પરમાત્માના ચરણનો દૃઢ આશ્રય કરો. વાચક ચાહક મિત્રો આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી હદય મનમાં કાળઝાળ ગરમીમાં શાંતી મેળવવા પ્રયત્ન કરીએ છીએ.

**જો બુદ્ધિ તટસ્થ હોય તો બધું જ ભેદી જશે, ત્યારે તમે જાણશો કે, પાંચ ઈન્દ્રિયો તો પાંચ જાદુ છે જે બધાએ અનુભવવો જોઈએ**

# મહાભારત અનુસાર, સફળતાની ચાવીઓ માણસ જીવનમાં સફળ થવા માટે જે પ્રયાસો કરે છે તેમાં કૌશલ્ય, કૃપા અને નસીબની ભૂમિકા મહત્ત્વની

માણસ જીવનમાં સફળ થવા માટે જે પ્રયાસો કરે છે, એ ગમે તે હોય, ત્રણ પાસા નિર્ણાયક બને છે. એક છે બુદ્ધિ અને કૌશલ્ય, બીજું છે કૃપા અને ત્રીજું પરિસ્થિતિઓની સાનુકૂળતા, જેને આપણે સામાન્ય રીતે નસીબ કહીએ છીએ. પાંડવો જ્યારે ચોપાટ રમવા ગયા, ત્યારે તેઓ પાસે નિશ્ચિતપણે તેનું કૌશલ્ય નહોતું. કૃપા, જે તેમને કૃષ્ણ તરફથી મળતી હતી, તે ન હતી કારણ કે, તેઓ ન તો કૃષ્ણને સાથે લઈને ગયા હતા કે ન તો કૃષ્ણને તે બાબતે સૂચિત કર્યા હતા. નસીબ, જે દ્રૌપદી થકી હતું, તેનો સાથ પણ ન હતો કારણ કે, દ્રૌપદી પણ સાથે ન હતી. આ ત્રણ વસ્તુની ગેરહાજરીમાં વ્યક્તિ જે કાર્ય કરવા જાય, તે ચોક્કસ જ વિપત્તિને આમંત્રે છે. કેવી રીતે જાણવું કે તમારામાં જરૂરી બુદ્ધિમત્તા કે કૌશલ્ય છે કે નહિ? જો તમે વિચારતા રહો કે, તમારામાં તે છે કે નહિ, તો તમે કારણ વગર બીકણ થઈ જશો. જો તમે માનતા હોવ કે તમારામાં તે છે, તો તમે આત્મવિશ્વાસને કારણે મૂર્ખ બનશો. એકમાત્ર રસ્તો એ છે કે, જે કૃપા મળી શકે તે લઈ લેવી અને પછી તમારી આસપાસ જે બની રહ્યું છે તેના પ્રત્યે સંવેદનશીલ રહેવું. પ્રકૃતિમાં પ્રત્યેક વસ્તુ સતત કંઈ કહેતી હોય છે, લોકો સાંભળતા નથી; સાંભળી શકતા નથી. કારણ કે, તેઓ પોતાના મગજમાં પોતાની જ વધુ પડતી વાતો ચાલતી હોય છે. તેઓ ન તો કૃપા સમજી શકે છે ન તો અસ્તિત્ત્વની ગોઠવણ સમજી શકે છે. જો તમે કંઈ ધ્યાનથી સાંભળશો તો તમારું મન કેન્દ્રિત અને સ્થિર બનશે; પરંતુ જો તમે માત્ર અવાજ ઝીલો છો તો તમારું મન વ્યથિત થઈ જશે. જે ઘોંઘાટની અસર છે. આ વાતો વિષે બોલવામાં જોખમ એ છે કે ઘણા બધા વિખરાયેલી બુદ્ધિવાળા લોકો તરત જ માનવા લાગે છે કે, આ નારિયેળી તેમને કશુંક કહી રહી છે. ધ્યાનથી સાંભળવાનો અર્થ એવો નથી કે તમે કલ્પના કરવાનું શરૂ કરી દો. તમે ત્યારે જ સાંભળી શકો જ્યારે તમે બોલતા ન હો. અવાજ ઝીલવાની પ્રક્રિયા એ સાંભળેલું ન કહેવાય. તમને ગમે કે ન ગમે અવાજ તો તમે ઝીલશો જ. માત્ર અવાજ ઝીલવું તમારા મનને વ્યથિત કરશે. તે ઘોંઘાટની અસર છે. ધ્યાનથી સાંભળવું તમારા મનને સ્થિરતા તરફ લઈ જશે. જો તમે કંઈક સાંભળો છો, તો જેને તમે ઘોંઘાટ ગણો છો તે પણ તમારા મનને સ્થિરતા તરફ દોરી જશે. સંગીત માત્ર સારી રીતે ગોઠવવામાં આવેલો ઘોંઘાટ અથવા ધ્વનિ છે અને સંગીતની ગુણવત્તા માત્ર સંગીતકાર પર આધાર નથી રાખતી, સાંભળનાર પર પણ તેનો ઘણો આધાર છે કે, તેઓ કેટલું ધ્યાનપૂર્વક સાંભળે છે. કાર્યની સફળતા માટે આ ત્રણ પાસા સમગ્ર મહાભારતમાં પ્રવાહિત થયા છે. યુદ્ધ દરમિયાન એવી કેટલીક ક્ષણો હતી, જ્યારે તેમણે ધ્યાનપૂર્વક સાંભળ્યું, અને કેટલીક વખત ન સાંભળ્યું. કોઈને સાંભળવા માટે તમને તેમનામાં વિશ્વાસ હોવો જોઈએ. નહિ તો તમે સાંભળશો અને ફરી તમારી નકામી વસ્તુઓ કરશો. જે જે સમયે પાંડવોએ ધ્યાનપૂર્વક સાંભળ્યું છે, તેઓના જીવન ઉપર આવ્યા છે. કેટલીક વખત તેમણે એવું કર્યું કે, ''હું તો



મને અનુકૂળ પડે તેટલું જ સાંભળીશ, તેના સિવાય હું મારી મરજીનું કરીશ.'' ત્યારે તેઓની પડતી થઈ છે કારણ કે, ધ્યાનપૂર્વક સાંભળવા માટે શ્રદ્ધા હોવી જરૂરી છે. કૌરવો હંમેશા નીચે રહ્યા કારણ કે, તેમને કશામાં કે કોઈનામાં શ્રદ્ધા ન્હોતી. પાંડવોની શ્રદ્ધા ડગમગાતી રહેતી. જ્યારે તે સ્થિર થતી ત્યારે તેઓ હંમેશા ઉપર ઉઠ્યા છે. જ્યારે નહિ, ત્યારે તેઓ પણ હેઠા પડ્યા છે. જ્યારે શ્રદ્ધા ન હોય, ત્યારે ચિંતા અને ભય હોય છે. જ્યારે ભય હશે ત્યારે ક્રોધ આવશે. જ્યારે ક્રોધ આવશે ત્યારે ઘર્ષણ થશે. કથાનો આ જ સાર છે. જ્યારે તેઓને શ્રદ્ધા હતી ત્યારે તેઓ નિર્ભય હતા, જ્યારે તેઓ નિર્ભય હતા ત્યારે કોઈ ક્રોધ ન્હોતો, જ્યારે ક્રોધ ન્હોતો ત્યારે કાર્યો હેતુપૂર્વક થતાં. પણ જ્યારે શ્રદ્ધા ન રહેતી; ભય હોતો, ભયને કારણે ક્રોધ આવતો, ક્રોધ આવતા કાર્યો હેતુની ભાવના ગુમાવી બેસતા અને તેમની ક્ષમતાઓ યોગ્ય કાર્ય કરતી નહિ. યુદ્ધ દરમિયાન અશ્વત્થામા તેના પિતાના મૃત્યુથી નારાજ હતો, ખાસ કરીને જે રીતે તેના પિતાને મારવામાં આવ્યા હતા તે બાબતે. દ્રોણને એવું ઠસાવવામાં આવ્યું કે, તેનો પુત્ર અશ્વત્થામા મરાયો છે, પછી તેમની હત્યા કરવામાં આવી. અશ્વત્થામા મરાયો છે એમ સાંભળીને દ્રોણે હથિયાર મૂકી દીધા, પોતાના રથમાં પલાંઠી વાળીને ધ્યાનમાં બેસી ગયા. ધૃષ્ટદ્યુમ્ને ત્યાં જઈને આંખો બંધ કરીને બેઠેલા નિઃશાસ્ત્ર દ્રોણનું મસ્તક છેદી નાખ્યું. જે રીતે તેના પિતાને મારવામાં આવ્યા તેનાથી ક્રોધિત થઈને અશ્વત્થામાએ તેણે પોતાનું સહુથી શક્તિશાળી અસ્ત્ર, નારાયણ અસ્ત્ર કાઢ્યું. સાધારણ રીતે, તેના વડે પાંડવો સહિત તેમની સેના અને બીજું બધું ભસ્મ થઈ ગયું હોત. જે ક્ષણે અશ્વત્થામાએ નારાયણ અસ્ત્ર છોડ્યું, કૃષ્ણએ પાંડવો અને તેમની સેનાને કહ્યું, ''તમે સહુ નીચા નમીને અસ્ત્રને સાક્ષાત્ દંડવત પ્રણામ કરો.'' પાંડવોની લગભગ આખી સેનાએ દંડવત પ્રણામ કર્યા અને અસ્ત્ર તેમની ઉપરથી પસાર થઈ ગયું. કૃષ્ણએ કહ્યું, ''તે માત્ર તેને એક જ વખત વાપરી શકતો હતો.'' અશ્વત્થામાએ તેનું સહુથી શક્તિશાળી અસ્ત્ર વાપરી નાખ્યું હતું, તેથી હવે કોઈ જોખમ હતું નહિ. આખી કથા આની ઉપર જ ચાલે છે, જીવન પણ આની ઉપર જ ચાલે છેઃ જ્યારે શ્રદ્ધા હોય ત્યારે ભય નથી હોતો. જો ભય નહિ હોય તો હૃદયમાં ક્રોધ નહિ હોય. જો હૃદયમાં ક્રોધ નહિ હોય, તો તમારા કાર્યો જીવનના હેતુ તરફના હશે, તમને બૌદ્ધિક સ્તરે કદાચ આની જાણ ન હોય તેમ પણ બને. તમે તમારો કુદરતી ધર્મ તેના વિષે સહેજ પણ વિચાર કર્યા વિના પૂર્ણ કરશો. કર્મનો એ માર્ગ છે કારણ કે, જે ક્ષણે તમે તેના વિષે વિચારશો તે ક્ષણથી વિચારો તમારા મનમાં અંતહીન અને વિરોધાભાસી ચર્ચાઓ ઉત્પન્ન કરશે. લોકો માને છે કે તેઓ વાદવિવાદ કરીને નિષ્કર્ષ પર આવી શકશે. તમે વાદવિવાદ કરીને ત્યારે જ નિષ્કર્ષ ઉપર શકો જ્યારે સામેની વ્યક્તિ મૂર્ખ હોય. જ્યારે બે ખરી બુદ્ધિશાળી વ્યક્તિઓ જીવનની કોઈ નાનામાં નાની બાબત ઉપર ચર્ચા લઈને બેસે તો તેઓ અનંતકાળ સુધી ચર્ચા કરી શકે છે. તમે ચર્ચા કરીને મુદ્દાનો હલ ત્યારે જ કરી શકો જ્યારે તમે અથવા સામેની વ્યક્તિ, બેમાંથી કોઈ એક મૂર્ખ હોય. દુર્ભાગ્યપણે, આધુનિક બુદ્ધિશાળીને વર્ગ વાદવિવાદ માટે તૈયાર કરાયો છે. તેમને લાગે છે કે કોઈ પ્રશ્નો પૂછવા કે ચર્ચા કરવી એ બુદ્ધિશાળી હોવાની નિશાની છે, હકીકતમાં તે માત્ર મનોરંજન છે. બુદ્ધિ એક ધારદાર ચપ્પુ છે. જો તમે તેની ધાર કોઈ પ્રકારની ઓળખ વડે બુઠ્ઠી નથી કરી તો તેની અંદર સર્જનની અંદર પેંસવાની ક્ષમતા છે. તમે ચર્ચા તમારી પાસે જે માહિતી હોય તેના વડે જ શકો છો. આ બ્રહ્માંડની બાબતમાં તમારી જાણકારી ખૂબ મર્યાદિત છે. ખરેખર તો તમે તમારા શરીરના એક કોષને પણ નથી જાણતા. જો આટલી મર્યાદિત માહિતી સાથે તમે ચર્ચામાં ઉતરશો તો તે માત્ર મનોરંજન હશે; તમે તમારી બુદ્ધિમત્તા અને હોશિયારીનો દુરુપયોગ કરી રહ્યા છો. જો તમે તમારી બુદ્ધિને સતત નિર્મળ રાખો એટલે કે, કોઈ પણ વસ્તુ સાથે ઓળખાયા વગર, માત્ર તેને તે જેમ છે.

### મેજર કુલદીપસિંગના રોલમાં સની યથાવત, આયુષ્માન માટે નવું કેરેક્ટર આવશે

# સની-આયુષ્યમાનની 'બોર્ડર-૨' પ્રજાસત્તાક દિને રીલિઝ થશે

'ગદર ૨'ની સફળતા પછી હવે સન્ની દેઓલ શું કરશે તેની ઘણા સમયથી ચર્ચા અને અટકળો ચાલતી હતી. થોડા વખતથી એવી પણ ચર્ચાઓ ચાલતી હતી કે સની દેઓલ હવે 'બોર્ડર'ની સીક્વલ લઈને આવશે. ૧૯૯૭ની સનીની એ ફિલ્મમાં સુનિલ શેટ્ટી, અક્ષય ખન્ના તેમજ જેકી શ્રોફ જેવા જાણીતા કલાકારો હતા, જેની આજે પણ એક શ્રેષ્ઠ દેશભક્તિની ફિલ્મમાં ગણતરી થાય છે. ઘર ઘરમાં જાણીતી બનેલી આ ફિલ્મની સીક્વલની વાતથી તેનું ઓડિયન્સ અત્યારથી જ ઉત્સાહમાં છે. કેટલાંક અહેવાલો મુજબ 'બોર્ડર ૨'માં આયુષ્યમાન ખુરાના પણ હશે. હવે છેલ્લાં કેટલાંક અહેવાલો મુજબ આ ફિલ્મ ૨૦૨૬ના પ્રજાસત્તાક દિવસ નિમિત્તે રજૂ થવાની હોવાનું નક્કી થયું છે તેવી પણ ચર્ચા છે. પહેલી ફિલ્મ જે.પી.દત્તાએ બનાવી હતી, જ્યારે આ ફિલ્મ જે.પી.દત્તા ઉપરાંત નિધિ દત્તા અને ભૂષણ કુમાર સાથે મળીને




પ્રોડ્યુસ કરશે, તેમજ અનુરાગ સિંઘ તેને ડિરેક્ટ કરશે. આ ફિલ્મમાં સની દેઓલ ફરી મેજર કુલદીપ સિંઘ ચૌધરીનો જ રોલ કરશે. આયુષ્યમાન પણ ઈન્ડિયન આમીના અધિકારીની એક સારી ભૂમિકામાં જોવા મળશે. આયુષ્માન માટે ફિલ્મમાં નવું કેરેક્ટર ઉમેરવામાં આવશે. જો ચર્ચાઓનું માનવામાં આવે તો આ ફિલ્મ પ્રજાસત્તાક દિવસ પહેલાનાં શુક્રવારે એટલે કે ૨૩ જાન્યુઆરીએ રિલીઝ થશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. તેથી ફિલ્મને એક લાંબા વીકેન્ડની ઓડિયન્સનો પણ લાભ મળી રહે. હાલ આ ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ ચાલે છે, તેમજ આ એક બિગ બજેટ વૉર ડ્રામા હોવાનું માનવામાં આવે છે. તેના અન્ય કલાકારો વિશે પણ સમયાંતરે ખબર મળતી રહેશે. જો સની દેઓલની અન્ય ફિલ્મોની વાત કરવામાં આવે તો તે 'બોર્ડર ૨' ઉપરાંત રાજકુમાર સંતોષીની ફિલ્મ 'લાહોર ૧૯૪૭' માટે કામ કરી રહ્યો છે, જે ફિલ્મ આમિર ખાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. તેમાં સની સાથે પ્રિતી ઝિંટા મુખ્ય ભૂમિકા કરી રહી છે.

# મિસ્ટર એન્ડ મિસિસ માહીનું ટ્રેલર રિલિઝ કરવામાં આવ્યુ




રાહ પૂરી થઈ ગઈ! ફિલ્મ મિસ્ટર એન્ડ મિસિસ માહીનું ટ્રેલર આવી ગયું છે. અને મેદાનમાંથી ક્રિકેટમાં રોમાંચ અને રોમાન્સ બંનેની ઝલક જોવા મળી રહી છે. ફિલ્મમાં જ્હાન્વી કપૂર અને રાજકુમાર રાવ લીડ રોલમાં છે. આ કપલ એકદમ ફ્રેશ અને ખૂબ જ ક્યૂટ લાગી રહ્યું છે. સપના અને કર્તવ્ય વચ્ચે સંઘર્ષ કરતા હીરોની વાર્તા આ પહેલા પણ ઘણી વખત ફિલ્મોમાં કહેવામાં આવી છે. પરંતુ તેની પત્ની દ્વારા તે સપના પૂરા કરવાની કહાની થોડી નવી લાગે છે. જો આપણે ટ્રેલર જોઈએ તો રાજકુમાર રાવનો જન્મ એવા પરિવારમાં થયો છે જ્યાં સપના પૂરા કરવા કરતાં પરિવારનું કામ અને જવાબદારીઓ સંભાળવી વધુ મહત્ત્વની માનવામાં આવે છે. પિતાના આગ્રહ પર તે તેની સાથે સમાધાન પણ કરે છે. પછી તેના જીવનમાં પ્રવેશે છે શ્રીમતી માહી એટલે કે જ્હાન્વી કપૂર, જે વ્યવસાયે ડૉક્ટર છે પરંતુ શાનદાર ક્રિકેટ રમે છે. બંને એક પરફેક્ટ કપલ છે, પરંતુ ટેન્શન પછીથી શરૂ થાય છે, જ્યારે સપનાની જવાબદારીનો બોજ વધી જાય છે. શેરીમાં ક્રિકેટ રમી ચૂકેલી તેની પત્નીની બેટિંગ શૈલી જોઈને શ્રી માહી તેને કોચ બનાવવાનું નક્કી કરે છે. અને આ દ્વારા, તમારા મૃત્યુ પામેલા સપનાને પૂર્ણ કરવા. પરંતુ આ દરમિયાન સમાજ, પરિવાર, વિચાર અને પરસ્પર પ્રેમ મુશ્કેલ બની જાય છે. ટ્રેલર ચાહકોનું દિલ જીતી રહ્યું છે. કોમેન્ટ્સમાં દરેક લોકો કપલ અને સ્ટોરીના વખાણ કરતા જોવા મળે છે. પરંતુ એ જોવાનું રસપ્રદ રહેશે કે ટ્રેલરમાં દેખાડવામાં આવેલી લાગણીઓનો રોલર કોસ્ટર ફિલ્મમાં પણ જોવા મળશે કે નહીં? ફિલ્મમાં રાજકુમાર રાવ અને જ્હાન્વી કપૂર લીડ રોલમાં છે. બંને આ પહેલા રૂહી ફિલ્મમાં જોવા મળ્યા હતા. ૨૦૨૧માં રિલીઝ થયેલી આ ફિલ્મને બહુ રિસ્પોન્સ ન મળ્યો, પરંતુ આ જોડીને પસંદ કરવામાં આવી. આ સિવાય અભિષેક બેનર્જી, રાજેશ શર્મા, કુમુદ મિશ્રા, ઝરીના વહાબ અને પૂર્ણેન્દુ ભટ્ટાચાર્ય પણ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. શરણ શર્મા દ્વારા નિર્દેશિત મિસ્ટર એન્ડ મિસિસ માહી ૩૧ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# મહિને માંડ પાંચ હજાર કમાતા ટીવી કલાકારોની મદદ કરશે પૂનમ

**સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ તરીકે હોદ્દો સંભાળ્યા બાદ પૂનમે નાના કલાકારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી**

સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ્સ એસોસિએશનના નવા પ્રેસિડેન્ટ તરીકે પૂનમ ધિલ્લોનની વરણી થઈ છે. વાઈસ પ્રેસિડેન્ટ તરીકે જાણીતાં ફિલ્મ એક્ટ્રેસ પદ્મિની કોલ્હાપુરે અને જનરલ સેક્રેટરી પદે એક્ટર-કોમેડિયન ઉપાસના સિંગ પસંદ થયાં છે. હોદ્દો સંભાળ્યા બાદ પૂનમે નાના ટીવી કલાકારોની કફોડી આર્થિક સ્થિતિ અંગે વાત કરી હતી. ઘણાં નાના કલાકારો મહિને માંડ રૂ.પાંચ હજાર કમાતા હોય છે. પ્રોડ્યુસર્સ દ્વારા તેમને ૯૦ દિવસે નાણાં અપાય છે. આ સમયગાળો વહેલો કરવા પૂનમે સૂચન કર્યું હતું. ટેલિવિઝન પ્રોડક્શનમાં પ્રવર્તમાન નિયમો હેઠળ ૯૦ દિવસ પછી નાના કલાકારોને નાણાં ચૂકવાય છે. પૂનમે જણાવ્યુ હતું કે, મોટી રકમ મેળવતા એક્ટર્સ અને પ્રોડ્યુસર્સ વચ્ચે કોન્ટ્રાક્ટ થયેલા હોય છે અને તેમને મદદની કોઈ જરૂર હોતી નથી. જ્યારે નાના કલાકારોનું મહેનતાણું ઓછું હોય છે અને તેથી તેમની સમસ્યા પર ધ્યાન આપવામાં આવશે. નાના કલાકારોની આવક પર તેમનો પરિવાર નભતો હોય છે અને તેથી તેમને સમયસર ચૂકવણું થાય તે જરૂરી છે. આમ, પણ ૯૦ દિવસનો સમયગાળો ઘણો લાંબો છે. પ્રોડ્યુસર્સ પર નાના કલાકારોનું મહેનતાણું વધારવા દબાણ ન થઈ શકે, પરંતુ વહેલી ચૂકવણી માટે જરૂર કહી શકાય. ૯૦ દિવસના બદલે વહેલા નાણાં આપવાથી પ્રોડ્યુસર્સ પર આર્થિક ભારણ વધવાનું નથી. વહેલા ચૂકવણીથી કલાકારોમાં જવાબદારીની લાગણી આવશે અને તેનાથી પ્રોડ્યુસર્સને પણ લાભ થશે. પ્રોડ્યુસર્સ સાથે આ મામલે ચર્ચા કરી ટૂંક સમયમાં નવી સમયમર્યાદા નક્કી કરવાનો પૂનમનો ઈરાદો છે.



### નોરા ફતેહીએ ફેમિનિઝમ અંગે એક નિવેદન પર વિવાદ

# ફેમિનિઝમ મુદ્દે રિયા ચઢ્ઢા-નોરા ફતેહી આમને સામને

**રિયા ચઢ્ઢા હાલ તેની તાજેતરમાં રીલિઝ થયેલી સિરીઝ 'હીરામંડી-ધ ડાયમંડ બાઝાર'ની સફળતા અને પ્રશંસાની મજા માણી રહી છે**

રિચા ચઢ્ઢા હાલ તેની તાજેતરમાં રીલિઝ થયેલી સિરીઝ 'હીરામંડી-ધ ડાયમંડ બાઝાર'ની સફળતા અને પ્રશંસાની મજા માણી રહી છે, રિચાના પાત્ર લજ્જોને ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. હાલમાં રિચા ચઢ્ઢા તેની પ્રેગનન્સીના આખરી તબક્કામાંથી પસાર થઈ રહી છે, પરંતુ રિચા એક એવી એક્ટ્રેસ છે જે ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓને જે તકલીફોનો સામનો કરવો પડે છે તે અંગે પોતાના વિચારો રજૂ કરવામાં ક્યારે ખચકાતી નથી. તાજેતરમાં નોરા ફતેહીએ ફેમિનિઝમ અંગે એક નિવેદન કર્યું હતું, જે ઘણું ચર્ચામાં હતું. અંગે હવે રિચાએ પોતાનો મત રજૂ કરતાં કહ્યું છે કે, એક પાગલ એક્ટ્રેસે જે પણ કહ્યું તેની સાથે રિચા બિલકુલ સહમત નથી. ફેમિનિઝમ વિશે વાત કરતાં રિચાએ કહ્યું કે, ફેમિનીઝમની એક મજાની વાત એ છે કે જે લોકોને ફેમિનીઝમના નામે ફાયદો ઉઠાવવો હોય અને પછી પોતે ફેમિનિસ્ટ છે, તે સ્વીકારવું ન હોય તેવા લોકોને પણ ફેમિનીઝમ સ્વીકારે છે. તેણે આગળ જણાવ્યું કે, આજે કોઈ પોતાની કરિયર બનાવી શકે છે, પોતાને જે પહેરવું હોય તે પહેરી શકે કે પછી સ્વતંત્ર જીવન જીવી શકે છે, તે માત્ર ફેમિનીઝમના કારણે જ છે અને તેમની પહેલાની સ્ત્રીઓએ નક્કી કર્યું કે, મહિલાએ પણ બહાર જઈને કામ કરવું પડશે અને ઘેર ન બેસી શકાય. રિચાએ આગળ કહ્યું કે, ''દરેકની ભૂમિકા નિશ્ચિત છે, સ્ત્રી કે પુરુષ તરીકે નહીં, પરંતુ એક બાળકને આ વિશ્વમાં લાવનારા વ્યક્તિઓની જવાબદારી તરીકે. એક સ્ત્રીએ આ જ રીતે રહેવું જોઈએ અને આ રીતે નહીં, એવી વાત સાથે હું સંપૂર્ણ સહમત નથી. મને તો આશ્ચર્ય થાય છે કે આવું ખરેખર કહેવાયું છે.'' એક પોડકાસ્ટમાં નોરા ફતેહીએ કહ્યું હતું કે તે મારે કોઈની જરૂર નથી એ વિચાર અને ફેમિનીઝમમાં માનતી નથી. તેણે આગળ એવું પણ કહ્યું કે, ફેમિનીઝમે આપણા સમાજની દુર્દશા કરી નાંખી છે. આગળ તેણે એમ પણ કહ્યું કે, ''જે લોકો એવું માનતા હોય કે, વારસાગત રીતે સંપુર્ણ સ્વતંત્ર રહેવું.



### મુંબઈ ખાતે સ્પેશિયલ સ્ક્રિનિંગમાં 'સરફરોશ ૨' બનાવવા એલાન

# 'સરફરોશ'ના ૨૫ વર્ષ, આમિર ખાન હવે તેની સીક્વલ બનાવશે

આમિર ખાન અને સોનાલી બેન્દ્રેની બ્લોકબસ્ટર ફિલ્મ સરફરોશ ૧૯૯૯માં રિલીઝ થઈ હતી. ફિલ્મના ૨૫ વર્ષ પૂરા થતાં હોઈ મુંબઈ ખાતે સ્પેશિયલ સ્ક્રિનિંગ રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફિલ્મની કાસ્ટ ઉપરાંત અનેક સેલિબ્રિટીઝે હાજરી આપી હતી. આમિર ખાને 'સરફરોશ'ની સફળતાની રજત જયંતી ઉજવવાની સાથે સીક્વલ બનાવવાનું એલાન પણ કર્યું હતું. સરફરોશના સ્પેશિયલ સ્ક્રિનિંગમાં આમિર ખાન અને સોનાલી બેન્દ્રે ઉપરાંત, મકરંદ દેશપાંડે, ગોવિંદ નામદેવ, પ્રદીપ રાવત સહિતની ટીમ ઉપસ્થિત રહી હતી. બોલિવૂડમાં હાલ પૂરજોશમાં સીક્વલનો દોર ચાલી રહ્યો છે ત્યારે આમિર




ખાને 'સરફરોશ'ની સીક્વલ બનાવવાના સંકેત આપ્યા હતા. આમિર ખાને સ્પેશિયલ સ્ક્રિનિંગમાં મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, સરફરોશ ૨ બનાવવાની તેમની તીવ્ર ઈચ્છા છે. મને લાગે છે કે સરફરોશ ૨ બનવી જોઈએ. યોગ્ય સ્ક્રિપ્ટ મળે તો ફિલ્મની શરૂઆત કરવામાં આવશે. સ્પેશિયલ સ્ક્રિનિંગમાં આમિર ખાનના ચાહકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય રીતે આમિર ખાન પોતાની ફિલ્મની સીક્વલ બનાવતા નથી. પણ, બોલિવૂડમાં હાલ સીક્વલનો દોર જામી રહ્યો છે, તેથી આમિર ખાને પણ આ દિશામાં વિચાર શરૂ કર્યો છે. આમિર ખાન અને સોનાલી બેન્દ્રેની જોડી આ સીક્વલમાં ફરી જોવા મળશે કે કેમ તે અંગે પણ અટકળો ચાલી રહી છે. કેટલાક લોકોનું માનવું છે કે, આમિર ખાને સ્ક્રિપ્ટ વિચારી લીધી હશે.



# અહાન શેટ્ટી અને પૂજા હેગડે 'સનકી'ની શરૂઆત કરશે

**સાજિદ નડિયાદવાલાના પ્રોડક્શન બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મમાં અહાન સાથે લીડ રોલમાં પૂજા હેગડે છે**



સુનિલ શેટ્ટીનો દીકરો પણ તેમના પગલે એક્શન સ્ટાર બનવા કમર કસી રહ્યો છે. અહાન શેટ્ટીની આગામી ફિલ્મ 'સનકી'ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સાજિદ નડિયાદવાલાના પ્રોડક્શન બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મમાં અહાન સાથે લીડ રોલમાં પૂજા હેગડે છે. ફિલ્મને ૬ જૂનથી ફ્લોર પર લઈ જવાનો પ્લાન છે. નડિયાદવાલાએ એક્શન સીક્વન્સ માટે ઈન્ટરનેશનલ ડિઝાઈનર કેચા ખામ્ફાકડીને જવાબદારી સોંપી છે. મુંબઈથી શીડ્યુલની શરૂઆત થશે અને તેમાં મહત્ત્વના એક્શન સીક્વન્સ શૂટ થશે. ત્યારબાદ ફિલ્મની ટીમ ગોવા જશે. અહાન અને પૂજા પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. ફિલ્મમાં લવ સ્ટોરીની સાથે એક્શન અને થ્રિલરની જમાવટ જોવા મળશે. પૂજા અને અહાનની કેમેસ્ટ્રિ ઓડિયન્સને પસંદ આવે તો ફિલ્મને લાભ થઈ શકે છે. આ ફિલ્મને ૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે પર રિલીઝ કરવાનો પ્લાન છે. સાજિદ નડિયાદવાલા સનકી ઉપરાંત 'હાઉસફુલ ૫'ની તૈયારી કરી રહ્યા છે. ૨૦૧૦માં હાઉસફુલની પહેલી ફિલ્મ રિલીઝ થઈ હતી. તેમાં અક્ષય કુમાર, રીતેશ દેશમુખ, લારા દત્તા, દીપિકા પાદુકોણ, અર્જુન રામપાલ મહત્ત્વના રોલમાં હતા. ૨૦૧૨માં હાઉસફુલ ૨ રિલીઝ થઈ હતી અને અક્ષય કુમાર સિવાયની કાસ્ટ બદલી દેવાઈ હતી. ભારતીય સિનેમાના ઈતિહાસમાં પહેલી વખત કોઈ ફિલ્મનો પાંચમો ભાગ બની રહ્યો છે. નડિયાદવાલાએ આ મલ્ટિસ્ટાર ફિલ્મ માટે તોતિંગ બજેટનું આયોજન કર્યું છે. આ સાથે તેઓ અહાન શેટ્ટી અને પૂજા હેગડેની ફિલ્મમાં પણ તેઓ કોઈ કચાશ રાખવા માગતા નથી.

# વિકી કૌશલની ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં અનન્યા પાંડેનો કેમિયો




અનન્યાએ આનંદ તિવારીની આ ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં સ્પેશિયલ અપીઅરન્સ માટેનું શૂટ પૂરું કરી લીધું છે. તેણે ૧૯ એપ્રિલે આ શૂટ પૂરું કર્યું, જેમાં તે તૃપ્તિ ડીમરી સાથે એક શેફના રોલથી જોડાયેલી છે. જુહૂની એક હોટેલમાં આ શૂટ કરવામાં આવ્યું હતું, જેમાં અનન્યાને જોવા માટે પાપરાઝી અને ફેન્સની બીડ એકઠી થઈ હતી. આ ફિલ્મના વધુ સીન માટેનું શૂટ ૧૩ મેના રોજ થશે. આ ઉપરાંત અનન્યા કરણ જોહર સાથે વધુ એક પ્રોજેક્ટમાં કામ કરી રહી છે. 'કોલ મી બૅ'નામની આ વેબ સિરીઝમાં અનન્યા એક પૈસાદાર ફેશનિસ્ટાનો રોલ કરી રહી છે. આ ઉપરાંત તે અક્ષય કુમાર સાથે 'શંકરા' કરી રહી છે, જે તેનો પહેલો રીયલ-લાઈફ ઘટના આધારીત પ્રોજેક્ટ છે. આ ફિલ્મ ૧૯૧૯માં જનરલ ડાયરને ખુલ્લા પાડવામાં સી શંકરન નાયરની ભૂમિકાથી પ્રેરિત એક કાનૂની લડતની ફિલ્મ છે. જેમાં અક્ષય કુમાર એક વકીલની ભૂમિકા કરી રહ્યો છે.

### ઝિલ મહેતા લાંબા સમયથી આદિત્ય દુબેને ડેટ કરે છે

# થોડા મહિના પહેલા જ તેના બોયફ્રેન્ડે તેને આશ્ચર્યચકિત કરીને પ્રપોઝ કર્યુ

ઝિલ મહેતા લાંબા સમયથી આદિત્ય દુબેને ડેટ કરી રહી હતી. થોડા મહિના પહેલા જ તેના બોયફ્રેન્ડે તેને આશ્ચર્યચકિત કરીને પ્રપોઝ કર્યું હતું. પરંતુ હવે ઝીલે તેને પ્રપોઝ કર્યું છે. અને તેણે આ સ્વપ્નશીલ પ્રસ્તાવના ફોટા ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા છે. ઝીલે ફોટો શેર કરીને લખ્યું- જ્યારે હું તમારી સાથે હોઉં ત્યારે તે પતંગિયા બની જાય છે. ફરીથી અને ફરીથી એકમાત્ર સત્ય એ છે કે બધું ફરી વળે છે અને તમારી પાસે પાછું આવે છે. આ પછી, પોસ્ટના પાંચમા ફોટાનું વર્ણન કરતી વખતે, લખ્યું હતું કે આવું થયું. મારા સપના સાકાર કરવા બદલ આભાર. ફોટામાં ઝિલ તેના બોયફ્રેન્ડ સાથે રોમાંસ કરતી જોવા મળી રહી છે. સફેદ મિડી ડ્રેસમાં લેક ખૂબ જ સુંદર લાગી રહી છે. અભિનેત્રીએ આદિત્યને તેના ઘૂંટણ પર પ્રપોઝ કર્યું અને તેને હીરાની વીંટી પહેરાવી. બીચ કપલની આ રોમેન્ટિક સ્ટાઈલ ચાહકોનું દિલ જીતી રહી છે. તસવીરોમાં બંને



એકબીજાને ગળે લગાવતા અને હાથ પકડીને જોઈ શકાય છે. કપલની આ બીચ તસવીરોએ ચાહકોને ખૂબ જ પ્રભાવિત કર્યા છે. તારક મહેતા...સિરિયલની કોમલ ભાભી એટલે કે અભિનેત્રી અંબિકા સહિત તમામ ચાહકો ફોટા પર કોમેન્ટ કરી રહ્યા છે અને બંનેને અભિનંદન આપી રહ્યા છે. જ્યારે યુઝર્સ મસ્તી કરી રહ્યા છે અને લખી રહ્યા છે. હેલો સોનુ, હું ટપ્પુનો મિત્ર છું. તે ક્યાંય મળી શકતો નથી. તો બીજા કોઈએ લખ્યું. ટપ્પુ છત પરથી કૂદવા જઈ રહ્યો છે. મહેરબાની કરીને તેને ફોન કરો અને રોકો. ટિપ્પણી વિભાગ તારક મહેતા મીમ્સથી છલકાઈ ગયો છે. તમને જણાવી દઈએ કે, ઝિલ પહેલીવાર ૨૦૦૮માં શો તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં સોનુની ભૂમિકા ભજવી હતી. આ પછી અભિનેત્રીએ અભ્યાસને ટાંકીને શો છોડી દીધો હતો. ઝિલ હવે તેનો બિઝનેસ ઈન્ડસ્ટ્રીથી દૂર ચલાવે છે. તે સેફ સ્ટુડન્ટ હાઉસિંગ નામની કંપની ચલાવે છે, જે મુંબઈ બહારથી આવતા બાળકોને સુરક્ષિત ઘર આપવાનું કામ કરે છે.

# ઝાલોદ લાયન્સ ક્લબ સંચાલીત ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં દાહોદ જિલ્લામાં પ્રથમ આવી સ્કૂલ તેમજ માબાપનું નામ રોશન કર્યું

## નાનપણથી જ પરિવારમાં ધાર્મિક વાતાવરણ મેળવી પોઝિટીવ ઉર્જા મેળવી


કુ. શ્રદ્ધા પંકજ કુમાર અગ્રવાલ
(ઇંગ્લિશ મીડિયમ પ્રથમ ૯૪.૨૦%)

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ લાયન્સ ક્લબ સંચાલિત ધોરણ ૧૦ મા ઈંગ્લિશ મીડિયમમા ભણતી કુ.શ્રદ્ધા પંકજકુમાર અગ્રવાલ દાહોદ જિલ્લામાં ૯૪.૨૦% લાવી પ્રથમ આવી શાળાના શિક્ષકો, પરિવારના સભ્યો તેમજ નગરનું નામ ઉચું કર્યું હતું.

નાનપણથી અગ્રવાલ પરિવારની આ દીકરી શ્રદ્ધા ધાર્મિક વાતાવરણની વચ્ચે પોતાના માબાપ અને તેની મોટી બહેનોના માર્ગદર્શન હેઠળ ભણવામાં રુચિ રાખતી હતી, ઘરમાં અભ્યાસ અર્થે સદાય તેના માબાપ તેને મદદરૂપ રહી પૂરો સહયોગ કરતા હતા.

ભણવામાં રુચિ ધરાવતી અને ધોરણ ૧ થી ૯ સુધી અભ્યાસ કરતા શાળામાં કાયમ પ્રથમ આવતી હતી. તારીખ ૧૧-૦૫-૨૦૨૪ શનિવારના રોજ ધોરણ ૧૦ ઈંગ્લિશ મીડિયમમા ભણી ૯૪.૨૦% લાવી હતી તેના આ ગુણ ઈંગ્લિશ મીડિયમમા ભણતા દાહોદ જિલ્લામાં પ્રથમ આવી હતી. શ્રદ્ધા દાહોદ જિલ્લામાં પ્રથમ આવતા તેણે પોતાનો બધો શ્રેય સ્કૂલના શિક્ષકો અને પોતાના માબાપને આપ્યો હતો.

# શ્રી પ્રદિપ મુખરજીનું ગુજરાતી પુસ્તક ‘પરમાત્માનો સંદેશ’નો દિલ્લી ખાતે વિમોચન



। નવી દિલ્હી, તા.૧૩ ।

પરમાત્માનો સંદેશ, ગુજરાતીમાં એક પુસ્તક જે માનવતાના દુઃખ અને વેદનાને મટાડવાનો પ્રસ્તાવ મૂકે છે. તેના લેખક શ્રી પ્રદિપ મુખરજી દ્વારા આ પુસ્તકનું વિમોચન રાજધાની દિલ્લીના સિવિલ લાઈન્સ વિસ્તારમાં આવેલ શ્રી ગુજરાતી સમાજ કમ્પાઉન્ડના શાહ ઓડિટોરિયમ ખાતે મુખ્ય અતિથિ પદ્મ વિભૂષણ એવોર્ડી અને માનનીય સંસદ સભ્ય, રાજ્યસભા ડો. સોનલ માનસિંહ, અને ગેસ્ટ ઓફ ઓનર એક્સચેન્જ૪મીડિયા જૂથના સ્થાપક અને બીડબ્લ્યુ બિઝનેસવર્લ્ડના અધ્યક્ષ ડૉ. અનુરાગ બત્રાની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તેમના વિચારો શેર કરતા, પ્રદિપ જી, જેમ કે તેમને પ્રેમથી ઓળખવામાં આવે છે, તેમણે કહ્યું, “દરેક વ્યક્તિ તેમના ભગવાનથી ખુશ છે, જે કાં તો તેમની બહાર છે અથવા તેમની અંદર છે. પુસ્તક એ વાતનો ખુલાસો કરે છે કે જ્યારે મનુષ્ય તેમના ભગવાનથી ખુશ છે, તેમ છતાં તેઓ પીડા અને વેદનાથી ભરેલા છે અને તેમના ભગવાનને રાહત માટે પ્રાર્થના કરતા રહે છે.”

કાર્યક્રમના મુખ્ય મહેમાન - ડૉ. સોનલ માનસિંહે પણ આ પ્રસંગે વાત કરતાં કહ્યું હતું કે, “એ વાત સાચી છે કે આજે સમગ્ર વિશ્વમાં માનવ પીડા અને વેદનાની કોઈ સીમા નથી. આવા વાતાવરણમાં, પ્રદીપજીનો સંદેશ એક હીલિંગ ટચ પ્રદાન કરે છે. દરેક વ્યક્તિઓને આ પુસ્તક અને એમના સંદેશની ઉર્જાનો અનુભવ કરવો જોઈએ જેથી તે માનવ જીવનમાં જે હકારાત્મક પરિવર્તન એ લાવી શકે તેને ખરેખર સમજી શકે.”

આ સભાને આપેલા તેમના સંબોધનમાં ડૉ. અનુરાગ બત્રાએ પણ આ બુકની પ્રશંસા કરતાં કહ્યું, “મેં શરૂઆતમાં ખૂબ જ શંકા સાથે આ પુસ્તકને ઉપાડ્યું, પરંતુ પ્રથમ થોડાં પાના પછી તેને નીચે મૂકી શક્યો નહીં. આ પુસ્તક એ મારામાં પહેલેથી જ એક સકારાત્મક ઉર્જાનો સંચાર કર્યો છે અને આ પ્રસંગે હાજર રહીને હું ધન્ય અને સન્માનિત અનુભવું છું. હું તમને બધાને “પરમાત્માનો સંદેશ” એકવાર અનુભવવા માટે કહું છું અને તમને વચન આપું છું કે તમે તેના માટે પછીથી મારો આભાર પણ માનશો.”

પ્રદીપજીના મતે, મનુષ્યો સામાન્ય રીતે જે ભગવાનમાં માને છે અને એમના પ્રાર્થના કરે છે, તે સાચા ભગવાન નથી . તેણે કહ્યું, “આજે, હું એક સત્ય જાહેર કરું છું જે માનવ માન્યતાના પાયાને તોડી નાખશે. આપણાં બધાં દુઃખો, દર્દો અને વ્યથાઓ, આપણે જેની પૂજા કરીએ છીએ તે જ ભગવાનને કારણે થાય છે. તેઓ સાચા ભગવાનના અસ્તિત્વને છુપાવીને, બદલામાં ખોટી ખાતરીઓ આપીને અમારી પ્રાર્થનાની માંગ કરે છે. આજ સુધી દરેક ધર્મ, આધ્યાત્મિકતા અને ફિલસૂફીને આપણને સાચા ભગવાન સાથે જોડાતા અટકાવવા માટે બનાવવામાં આવી છે.”

# મેમનગર સ્થિત દિવ્યપથ શાળાનુ ધોરણ ૧૦નુ ઝળહળતું પરિણામ A1 Gradeમા ૧૩ તારલાઓ




। અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલ દિવ્યપથ કેમ્પસના વિધાર્થીઓએ S.S.C. Exam- 2024 માં અદભૂત દેખાવ કરેલ છે. જેમાં શાળાના ના વિદ્યાર્થી પટેલ આર્ય 99.21 PR પ્રાપ્ત કરી પ્રથમ ક્રમ અને A1 Grade મેળવેલ છે. તેમજ શાળાના ૧૩ તેજસ્વી તારલાઓએ A1 grade મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. તથા ૨૨ વિધાર્થીઓએ A2 Grade પ્રાપ્ત કરી શાળાનું તેમજ પોતાના માતા પિતાનું ગૌરવ વધારેલ છે. જે બદલ સમગ્ર દિવ્યપથ પરિવાર તેમને શુભેચ્છા પાઠવે છે તેમજ આ રીતે આગળ પણ પ્રગતિ કરતા રહે તેવા આશિર્વચન પાઠવે છે.

# HUMAN RIGHTS AND WOMAN CHILD WELFARE ORG.ના ગુજરાતના ઉપપ્રમુખ તરીકે જીતુભાઇ ઉપાધ્યાયની નિમણુંક



। અમદાવાદ, તા.૧૩ ।

માનવ અધિકાર,મહિલા અને બાળ વિકાસ માટે ચાલતી સંસ્થા “માનવ અધિકાર ઈવમ મહિલા બાલ વિકાસ સંગઠન”, નવી દિલ્હી દ્વારા ભારત ભરમાં સંગઠન ચલાવવામાં આવી રહ્યું છે. આ સંસ્થા દ્વારા ભારત માં માનવ અધિકાર માટે હર હંમેશા તૈયાર હોય છે. ગુજરાતમાં ઘણા વર્ષોથી આ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થા દ્વારા હાલમાં જ નવા હોદેદારો ની નિમરણૂંક કરવામાં આવી જેમાં ગુજરાત ડિપ્લોમા સેલ્ફ ફાઈનાન્સ એસોસિએસન ના પ્રમુખ તથા વિદ્યાર્થીઓ ના પ્રશ્નો માટે લડતા એવા શ્રી જીતુભાઈ ઉપાધ્યાય ને ગુજરાત પ્રદેશના ઉપ પ્રમુખ તરીકે નિમણુંક આપવામાં આવી.

# ચમારિઆ ગામનું ગૌરવ વધારવા બદલ જય અંબે એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી દ્વારા શુભેચ્છા પાઠવી



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય - નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા એ ચમારિયા ગામના રહીશ સેલોત મુકેશભાઈ મોહનભાઈની પુત્રી ડૉ. શિલ્પન આર. જોશી મેમોરિયલ શાળામાં અભ્યાસ કરીને ધોરણ ૧૨ માં ૯૭.૭૪ PR મેળવતા ગામ, સમાજ, માતાપિતા અને શાળાનું ગૌરવ વધાર્યું છે ત્યારે ન્યુ પાર્થ એજ્યુકેશન ગ્રુપ સેલોત જીનલબેન મુકેશભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને ઉતરોતર પ્રગતિ કરતા રહો એવા દિવ્ય આશિષ આપવામાં આવ્યા હતા.

### વૉર્ડ નં.3-નો દબદબો અકબંધ વૉર્ડ નં.૪ ઉપપ્રમુખપદ મેળવવામાં સફળ

# થરા નગરપાલિકા પ્રમુખ ચેતનાબેન અનિલભાઈ સોની અને ઉપપ્રમુખપદે નીતબબા જયપાલસિંહ વાઘેલા આરૂઢ

## બીજા તબક્કામાં પ્રમુખ - ઉપ પ્રમુખપદે મહીલાની જ પસંદગી થતાં રાજકીય વિશ્લેષકો ચોકી ગયા



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૩ ।

કાંકરેજ તાલુકાના વેપારી મથક અને જિલ્લા રાજકીય ક્ષેત્રે અગ્રેસર રહેલ થરા નગર ટ્રાફિક જામ દબાણો બિનકાયદેસર બાંધકામોની નાગચૂડમાં ફસાયેલ નગર છે આ નગરની નગર પાલિકામાં કુલ ૬(છ) વૉર્ડના ૨૪ સભ્યો જેમાં ૨૦(વીસ) ભાજપના અને ૪(ચાર) કોંગ્રેસના સભ્યો ઓકટોમ્બર -૨ ૦૨૧માં ચૂંટાયેલા જેમાં પ્રથમ ટર્મમાં વૉર્ડ નં -૩ના ભાજપના બિન હરિફ ઉમેદવાર પૃથ્વીરાજસિંહ વાઘેલા પ્રમુખ તરીકે અને વૉર્ડ નં -૨ના નૈશદ કુમાર ચીનુલાલ પાંચાણી ઉપ પ્રમુખ પદે ભાજપના મેન્ડેડ મુજબ અઢી વર્ષના સમય માટે બિન હરિફ જાહેર થયેલ. આ પ્રમુખ-ઉપ પ્રમુખની મુદત ગત તા.૨૪/૦૫/ ૨૦૨૪ના રોજ પુરી થતાં સરકાર શ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બાકીના અઢી વર્ષ માટે ચૂંટાયેલા મહિલા સભ્યોમાંથી અઢી વર્ષના બીજા તબક્કામાં ગઈકાલે તા.૧૩/૫/૨૦૨૪ને સોમવારે થરા નગર પાલિકા હોલ ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી .ડી. શર્મા, ઈન્ચાર્જ ચીફ ઓફિસર વિપુલ પરમારની ઉપસ્થિતીમાં યોજાઈ બીજા તબક્કા માટે મહીલા પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ જેમાં ભાજપ ના મેન્ડેડ મુજબ પ્રમુખપદ માટે વૉર્ડ નં-૩ના ચેતનાબેન અનિલભાઈ સોની તથા ઉપપ્રમુખ પદે વૉર્ડ નં -૪ના નીતબ કુંવરબા જયપાલસિંહ વાઘેલાએ ઉમેદવારીપત્ર રજુ કરેલ જેની સામે કોઈ સભ્યએ ઉમેદવારી નહી નોંધાવતા બંનેને બિનહરીફ જાહેર કરવામાં આવેલ થરા નગર પાલિકા પ્રમુખ -ઉપપ્રમુખ પદે મહિલા ચૂંટાતા થરા નગરમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી હવે થરા નગરમાં ટ્રાફિક, રખડતાં ઢોરો અને ફૂટપાથ સર્વીસ રોડ ઉપરના દબાણો, બિનકાય દેસર આડેધડ બાંધકામોથી લોકો જે ત્રાહિમામ પોકારી ગયા તેમાંથી છુટકારો મળશે.પ્રમુખ -ઉપપ્રમુખ પદની પસંદગી યોગ્ય થઈ હોવાનો નગરજનોનો સુર સાંભળવા મળતો હતો. પ્રમુખ -ઉપપ્રમુખ પદની પસંદગી પ્રક્રિયા પુરી થયા બાદ રિસાયેલા મજબૂત કોર્પોરેટરને કારોબારી અધ્યક્ષ સ્થાને બેસાડાય તેવી ચર્ચા જોર શોરથી ચાલે છે.

# અમદાવાદ શહેરમાં ઐશ્વર્યા જૈન દ્વારા અમદાવાદની રેનાસેન્સ હોટેલમાં હમ સબ એક IM હેપીનેસ, ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું



। અમદાવાદ, તા.૧૩ ।

IM હેપીનેસ છે - એક જ્ઞાનાત્મક ફિટનેસ સમુદાય અનુભવો અને શિક્ષણ દ્વારા લોકોની સારી સુખાકારી માટે પ્રયાસ કરે છે. આઈ એમ હેપીનેસ વ્યસન, ઘરેલું હિંસા અને એકંદર આરોગ્ય પર સેક્સ વર્કર્સથી લઈને મહિલાઓ/ પુરુષો સુધી ગ્રામીણ વિકાસ માટે સુખાકારી માટે કામ કરે છે. હાર્વર્ડ મેડિકલ સ્કૂલ, યુનિસેફ, બિલ ગેટ્સ ફાઉન્ડેશન, યોરસ્ટોરી અને વધુ સાથે વૈશિષ્ટિકૃત અને ભાગીદારી કરવામાં આવી છે. એ જ મિશનને જીવંત રાખીને, IM હેપીનેસ વિથ ચિરીપાલ ગ્રુપ, રેનેસાં હોટેલ, જેજી યુનિવર્સિટી, એમ્બર્લિન ગ્રુપ સાથે મળીને હમ સબ એક કેમ્પેન લાવે છે હેપીનેસ ડિનર અને શેફ રણવીર બ્રાર દ્વારા હિરા એવોર્ડ. હમ સબ એક IM હેપીનેસ ઈન પાર્ટનરઃ ચિરિપાલ ટ્રસ્ટ એસોસિએશનમાંઃ JG યુનિવર્સિટી લકઝરી પાર્ટનરઃ એમ્બરલિન લાઈફસ્ટાઈલ હોસ્પિટાલિટી પાર્ટનરઃ રેનાસેન્સ હોટેલ હેપ્પીનેસ ડિનર અને હિરા એવોર્ડ્સ..

# ભારત ટ્રેડ ઇન ગુડ્સ એગ્રીમેન્ટ સંયુક્ત સમિતિની ચોથી બેઠક મળી

। મલેશિયા, તા.૧૩ ।

AITIGA (આસિયાન-ઈન્ડિયા ટ્રેડ ઈન ગુડ્સ એગ્રીમેન્ટ)ની સમીક્ષા માટે ચોથી સંયુક્ત સમિતિની બેઠક ૭-૯ મે ૨૦૨૪ દરમિયાન પુત્રજયા, મલેશિયામાં યોજાઈ હતી અને તેની સહ અધ્યક્ષતા ભારતના વાણિજ્ય વિભાગના અધિક સચિવ શ્રી રાજેશ અગ્રવાલ અને રોકાણ, વેપાર અને મલેશિયાના ઉદ્યોગ મંત્રાલયના ડેપ્યુટી સેક્રેટરી જનરલ (વેપાર) સુશ્રી મસ્તુરા અહમદ મુસ્તફાએ કરી. આ ચર્ચામાં ભારત અને તમામ ૧૦ આસિયાન દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. AITIGAની સમીક્ષા માટેની ચર્ચાઓને વધુ વેપાર-સુવિધાજનક અને સમગ્ર પ્રદેશમાં વ્યવસાયો માટે ફાયદાકારક બનાવવા માટે, મે ૨૦૨૩માં શરૂ થઈ હતી. સમીક્ષા કાર્ય હાથ ધરતી સંયુક્ત સમિતિ અત્યાર સુધીમાં ચાર વખત મળી છે. સંયુક્ત સમિતિએ તેની પ્રથમ બે બેઠકોમાં સમીક્ષા વાટાઘાટો માટે તેના સંદર્ભની શરતો અને વાટાઘાટોના માળખાને અંતિમ સ્વરૂપ આપ્યું હતું અને નવી દિલ્હીમાં ૧૮-૧૯ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન યોજાયેલી તેની ત્રીજી બેઠકમાંથી AITIGAની સમીક્ષા માટે વાટાઘાટો શરૂ કરી હતી. સમીક્ષામાં કરારના વિવિધ નીતિગત ક્ષેત્રો સાથે વ્યવહાર કરવા માટે કુલ ૮ પેટા સમિતિઓની રચના કરવામાં આવી છે.

# ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાએ સાંસદ નારણ કાછડિયાને લખ્યો પત્ર

। અમરેલી, તા.૧૩ ।

લોકસભાની ચૂંટણી તો પૂર્ણ થઈ પણ ભાજપમાં આંતરિક વિવાદ હોય તેવો એક કિસ્સો સામે આવ્યો હતો, અમરેલીના સાંસદે અમરેલી બેઠકના ઉમેદવારને લઈ બે દિવસ પહેલા ભડાશ કાઢી હતી. ત્યારે હવે અમરેલી બેઠકના ભાજપના ઉમેદવાર ભરત સુરતરીયાનો લેટર સામે આવ્યો છે. જેમાં તેમણે નારણ કાછડિયા ને કેટલી વાર થેંક્યું કહ્યું તે યાદ કરાવ્યું છે. અમરેલી ભાજપમાં ટિકિટની ફાળવણી થઈ ત્યારથી જ વિવાદ સામે આવ્યો હતો. ત્યાર બાદ વિવાદ મારામારી સુધી પહોંચ્યો હતો. ત્યાર બાદ જાહેરમાં સાંસદ નારણ કાછડિયાએ ઉમેદવારની પસંદગીને લઈ નિવેદનને લઈ રાજકારણ ગરમાયું છે. ત્યારે હવે અમરેલી બેઠકના ભાજપના ઉમેદવારનો પત્ર સામે આવ્યો છે. જેમઆ તેમણે સાંસદ નારણ કાછડિયાને કેટલી વાર થેંક્યું કહ્યું તે યાદ કરાવ્યું છે. આ સાથે તેમણે કહ્યું કે, ઉમેદવાર નક્કી કરવાનું કામ વડાપ્રધાન મોદી, અમિત શાહ અને જેપી નડા અને પાર્લમેન્ટરી બોર્ડનું છે. તમે તેનું અપમાન કરી રહ્યા છો. તમે સારી રીતે જાણો છો કે તમારી ટિકિટ કેમ કાપવામાં આવી. તમે એ સત્ય હકીકત લોકો સુધી પહોંચડો. અને ભરત સુતરીયાએ નારણ કાછડિયાને આખરી વાર થેંક્યું કહ્યું.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારી જાતને તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો। પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. તમારા ધ્યેયની દિશામાં શાંતિપૂર્વક કામ કરો અને તમે સફલતા સુધી ન પહોંચો ત્યાં સુધી તમારો હેતુ છતો ન કરો.



**કર્ક (ડ,હ) :**

આજે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો તથા કામમાં તમારી દ્રઢતા અને કટિબદ્ધતા દેખાડશો તો.



**સિંહ (મ,ટ) :**

બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. લાંબા-ગાળાના દૃષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે-તમને પાળવામાં મુશ્કેલી પડે તેવા વચનો આપતા નહીં. તમારા કામના સ્થળે આજે ઢગલાબંધ પ્રેમ પ્રવર્તતો જોઈ શકશો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.



**તુલા (ર,ત) :**

આજે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે કેમ કે આશીર્વાદ અને સારૂં ભાગ્ય તમારી તરફ આવી રહ્યું છે-તથા અરાઉના દિવસની સખત મહેનત પણ રંગ લાવી રહી છે. તમને ખુશ રાખવા તમારા બાળકો તેમનાથા બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને માનસિક તાણ હોવા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. બાળકો કેટલાકજબરજસ્ત સમાચાર લાવી શકે છે. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કેમ કે આજે તમારૂં પ્રિયપાત્ર જલ્દીથી નારાજ થઈ જશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ખાસ કરીને નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.



**કુંભ (ગ,શ,સ) :**

આજે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ઘર માં કોઈ ફંકશન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વધુ પડતું ખાવું તથા ઉચ્ચ કેલૅરી ધરાવતો ખોરાક ટાળવો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો। તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. કામના સ્થળે તમારી કાર્યકુશળતા વધારવા માટે તમારી આવડતનું સ્તર ઊંચું લાવો.

### ચાંદીની કિંમત ૮૩ હજાર રૂપિયા પ્રતિ કિલોથી વધુ છે

# સોનાની કિંમત ૭૨ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને પાર પહોંચી ગઈ

**રાષ્ટ્રીય સ્તરે ૯૯૯ શુદ્ધતાના ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૨૪૯૦ રૂપિયા છે, ૯૯૯ શુદ્ધતા ચાંદીની કિંમત ૮૩૨૬૫ રૂપિયા છે**

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

ઈન્ડીયન બુલિયન માર્કેટમાં આજે ૧૩ મે ૨૦૨૪ના રોજ સોનું અને ચાંદી સસ્તું થઈ ગયું છે. સસ્તું થયા બાદ સોનાની કિંમત ૭૨ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને પાર પહોંચી ગઈ છે. તો બીજી તરફ ચાંદીની કિંમત ૮૩ હજાર રૂપિયા પ્રતિ કિલોથી વધુ છે. રાષ્ટ્રીય સ્તરે ૯૯૯ શુદ્ધતાના ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૨૪૯૦ રૂપિયા છે. જ્યારે ૯૯૯ શુદ્ધતા ચાંદીની કિંમત ૮૩૨૬૫ રૂપિયા છે. ઈન્ડીયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના અનુસાર સોમવારે સાંજે ૨૪ કેરેટનું શુદ્ધ સોનું ૭૩૦૦૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતું, જે આજે સવારે ૭૨,૪૯૦ રૂપિયા પર આવી ગયું છે. આ પ્રકારે શુદ્ધતાના આધારે સોના



ચાંદી બંને સસ્તા થયા છે. ઓફિશિયલ વેબસાઈટ ibjarates.com અનુસાર આજે સવારે ૯૯૫ પ્યોરિટીવાળા દસ ગ્રામ સોનાના ભાવ ઘટીને ૭૨૨૦૦ રૂપિયા પહોંચી ગયો છે. તો બીજી તરફ ૯૧૬ (૨૨ કેરેટ) શુદ્ધતાવાળા ૧૦ ગ્રામ સોનાનો ભાવ આજે ૬૬૪૧૦ રૂપિયા સુધી થઈ ગયો છે. આ ઉપરાંત ૭૫૦ શુદ્ધતાવાળા (૧૮ કેરેટ) સોનાનો ભાવ ૫૪૩૬૮ પર આવી ગયો છે. તો બીજી તરફ ૫૮૫ શુદ્ધતાવાળા (૧૪ કેરેટ) આજે સસ્તું થઈને ૪૨૪૦૭ રૂપિયામાં આવી ગયું છે. આ ઉપરાંત ૯૯૯ વાળી કિલો ચાંદી આજે ૮૩૨૬૫ રૂપિયા થઈ ગઈ છે. ISO (Indian Standard Organization) દ્વારા સોનાની શુદ્ધતા જાણવા માટે હોલ માર્ક આપવામાં આવે છે. ૨૪ કેરેટ સોનાના આભૂષણ પર ૯૯૯, ૨૩ કેરેટ પર ૯૫૮, ૨૨ કેરેટ પર ૯૧૬, ૨૧ કેરેટ પર ૮૭૫ અને ૧૮ કેરેટ પર ૭૫૦ લખેલું હોય છે. મોટાભાગે સોનું ૨૨ કેરેટમાં વેચાય છે, તો બીજી તરફ લોકો ૧૮ કેરેટનો ઉપયોગ પણ કરે છે. કેરેટ ૨૪ થી વધુ હોતા નથી, અને જેટલા વધુ કેરેટ હશે, સોનું એટલું જ શુદ્ધ કહેવાય છે. ૨૪ કેરેટ સોનું ૯૯.૯% શુદ્ધ અને ૨૨ કેરેટ સોનું લગભગ ૯૧% શુદ્ધ છે.

### ત્રણ નક્સલવાદીઓને ઠાર કરાયા

# મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ

**ફાયરિંગ સ્થળેથી ત્રણ ઓટોમેટિક હથિયારો-૧ AK47, ૧ કાર્બાઇન અને 1 INSAS, નક્સલી સાહિત્ય અને વસ્તુઓ મળી**

। (એજન્સી) ગઢચિરોલી, તા.૧૩ ।

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટરના સમાચાર સામે આવ્યા છે. આ એન્કાઉન્ટરમાં ત્રણ નક્સલવાદીઓ માર્યા ગયા છે. પોલીસે તેમની પાસેથી ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે. આજે સવારે વિશ્વસનીય સુત્રો પાસેથી માહિતી મળી હતી કે પેરીમીલી દલમના કેટલાક સભ્યો વર્તમાન TCOC સમયગાળા દરમિયાન વિધ્વંસક પ્રવૃત્તિઓને અંજામ આપવાના ઉદ્દેશ્યથી ભામરાગઢ તાલુકાના કટરાંગટ્ટા ગામ નજીકના જંગલ વિસ્તારમાં પડાવ નાખી રહ્યા છે. એડીશનલ એસપી ઓપ્સ યતીશ દેશમુખના નેતૃત્વમાં C60ના બે એકમો તરત જ વિસ્તારની શોધખોળ માટે શરૂ કરવામાં આવ્યા હતા. જ્યારે ટીમો વિસ્તારમાં સર્ચ ઓપરેશન



ચલાવી રહી હતી ત્યારે નક્સલવાદીઓ દ્વારા તેમના પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેનો અમારી C60 ટીમોએ જોરદાર જવાબ આપ્યો હતો. ગોળીબાર બંધ થયા બાદ વિસ્તારનું સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું અને એક પુરુષ અને બે મહિલા નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા. ફાયરિંગ સ્થળ પરથી ત્રણ ઓટોમેટિક હથિયારો ૧ AK47, ૧ કાર્બાઈન અને 1 INSAS, નક્સલી સાહિત્ય અને વસ્તુઓ પણ મળી આવી છે. મૃતદેહો મુખ્યત્વે ડીવીસીએમ વાસુ, પેરિમિલી દલમના પ્રભારી અને કમાન્ડરના છે. અન્ય સભ્યોની ઓળખ કરવામાં આવી રહી છે. આ વિસ્તારમાં વધુ સર્ચ અને નક્સલ વિરોધી ઓપરેશન ચાલુ છે. પોલીસ અધિક્ષક નીલોત્પલે જણાવ્યું હતું કે નકસલવાદીઓના પેરીમિલી દલમના કેટલાક સભ્યો પોતાના ચાલી રહેલા ટેક્ટિકલ કાઉન્ટર ઓફેન્સિવ ઓપરેશન (TCOC) સમયગાળા દરમિયાન વિધ્વંસક પ્રવૃત્તિઓને અંજામ આપવાના ઉદ્દેશ્ય સાથે ભામરાગઢ તાલુકાના કટરાંગટ્ટા ગામની પાસે એક જંગલમાં પડાવ નાખીને બેઠા હતા.

### ત્રણ સગીર સહિત ચાર લોકોના મોત

# ઝારખંડના પલામુમાં એક જંક શોપમાં બ્લાસ્ટ થયો

। (એજન્સી) ઝારખંડ, તા.૧૩ ।

ઝારખંડના પલામુમાં રવિવારે થયેલા વિસ્ફોટમાં ત્રણ સગીર સહિત ચાર લોકોના મોત થયા હતા અને અન્ય ત્રણ ઘાયલ થયા હતા. પોલીસે જણાવ્યું કે વિસ્ફોટ રાંચીથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂર મનાતુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ભંગારના વેપારી પર થયો હતો. આ ઘટના ઝારખંડની પલામુ સહિત ચાર સીટો પર લોકસભા ચૂંટણી પહેલા બની હતી.પલામુના એસપી રેશ્મા રમસને પીટીઆઈને જણાવ્યું કે આ ઘટનામાં ત્રણ સગીર સહિત ચાર લોકોના મોત થયા છે અને અન્ય ત્રણ ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે અમે દરેક પાસાઓથી ઘટનાની તપાસ કરી રહ્યા છીએ. અમે બોમ્બ વિસ્ફોટની શક્યતા સહિત તમામ પાસાઓની



તપાસ કરી રહ્યા છીએ. એસપીએ જણાવ્યું કે ફોરેન્સિક ટીમ તપાસ માટે ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. મૃતક ભંગારના વેપારીની ઓળખ ઈશ્તિયાક અંસારી (૫૦) તરીકે થઈ હતી અને વિસ્ફોટમાં માર્યા ગયેલા અન્ય લોકોમાં સહદત અંસારી (૮), શહીદ અંસારી (૮) અને વારિશ અંસારી (૧૦) હતા. ઘાયલ થયેલા લોકોની ઓળખ માજિદ અંસારી (૭), અફસાના ખાતૂન (૧૪) અને રૂખસાના ખાતૂન (૧૭) તરીકે થઈ છે.

### અગ્નિવીર યોજના બંધ કરાશે : હંગામી ભરતી બંધ થશે

# કેજરીવાલે દિલ્હી-પંજાબમાં ચૂંટણી અગાઉ દસ ગેરંટીની ઘોષણા કરી

। (એજન્સી) નવી મુંબઇ, તા.૧૩ ।

જેલમાંથી છુટતાની સાથે જ આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ ગેરંટીઓની જાહેરાત કરી છે. ચૂંટણી પ્રચાર માટે ૨૧ દિવસ માટે જેલમાંથી બહાર આવેલા અરવિંદ કેજરીવાલે આજે ૧૦ ગેરંટીની ઘોષણા કરી છે જેમાં તેમણે ચોવીસે કલાક મફત વીજળી અને હેલ્થ સેવા આપવાની સાથે સાથે ચીન પાસેથી ભારતની જમીન પાછી અપાવવાની પણ વાત કરી છે. કેજરીવાલ દિલ્હીના લીકર કૌભાંડ કેસમાં જેલમાંથી બહાર આવ્યા છે અને અત્યારે આક્રમક ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. તેમણે દિલ્હી અને પંજાબમાં ચૂંટણી અગાઉ દસ ગેરંટીની ઘોષણા કરી છે. તેમણે કહ્યું હતું કે શરાબનીતિના કેસમાં ધરપકડને કારણે ગેરંટીની જાહેરાતમાં થોડો વિલંબ થયો છે. અરવિંદ કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સમાં ૧૦ ગેરંટીની ઘોષણા કરી હતી. તેમણે કહ્યું, ‘‘આ ગેરંટી વિશે અમારા ભારતીય ગઠબંધનના ભાગીદારો સાથે ચર્ચા કરવામાં આવી નથી, પરંતુ અમે જે પ્રકારની ગેરંટી આપી રહ્યા છીએ તેનાથી કોઈને પણ કોઈ સમસ્યા થશે નહીં. આ ૧૦ ગેરંટી પર યુદ્ધના ધોરણે કામ કરવામાં આવશે. લોકોએ નક્કી કરવાનું રહેશે હે કે તેઓ કેજરીવાલની ગેરંટી પસંદ કરશે કે મોદીની ગેરંટી.

### કંગનાએ કરી હિંદુ રાષ્ટ્રની વકીલાત

# જ્યારે ૧૯૪૭માં ધર્મના આધારે PAK બન્યું તો ભારતને હિન્દુ રાષ્ટ્ર કેમ ન બનાવવામાં આવ્યું?

**કંગના રનૌતે કહ્યું કે આપણા વડાપ્રધાન યુગના માણસ છે, આપણા પૂર્વજોએ મુઘલોની ગુલામી, પછી અંગ્રેજોની ગુલામી અને પછી કોંગ્રેસનું આ કુશાસન જોયું છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

બોલિવૂડ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટથી ભારતીય જનતા પાર્ટી (BJP)ની ઉમેદવાર કંગના રનૌતે હિન્દુ રાષ્ટ્રને લઈને મોટું નિવેદન આપ્યું છે.કંગના રનૌતે કુલ્લુમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે જ્યારે ૧૯૪૭માં ધર્મના આધારે પાકિસ્તાનની રચના કરવામાં આવી હતી, ત્યારે તે સમયે ભારતને હિન્દુ રાષ્ટ્ર કેમ જાહેર કરવામાં આવ્યું ન હતું?કંગનાએ કહ્યું કે આપણા વડાપ્રધાન યુગના માણસ છે. આપણા પૂર્વજોએ મુઘલોની ગુલામી, પછી અંગ્રેજોની ગુલામી અને પછી કોંગ્રેસનું આ કુશાસન જોયું છે. પરંતુ આપણને સાચી આઝાદી ૨૦૧૪માં મળી હતી. આપણને આઝાદી મળી. વિચારવાની સ્વતંત્રતા, સનાતનની સ્વતંત્રતા, પોતાનો ધર્મ બનાવવાની સ્વતંત્રતા, આ દેશને હિન્દુ રાષ્ટ્ર બનાવવાની સ્વતંત્રતા. જ્યારે ૧૯૪૭માં તમે ધર્મના આધારે પાકિસ્તાનને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવ્યું, તો પછી તમે ભારતને હિન્દુ રાષ્ટ્ર કેમ ન બનાવ્યું? અમે



તેને હિન્દુ રાષ્ટ્ર બનાવીશું.તમને જણાવી દઈએ કે કંગના ઘણા પ્રસંગોએ આવા રાજકીય નિવેદનો આપતી રહી છે. તેમણે નવેમ્બર ૨૦૨૧માં એમ પણ કહ્યું હતું કે ‘વાસ્તવિક આઝાદી’ ૧૯૪૭માં નહીં, પરંતુ ૨૦૧૪માં મળી હતી. કંગનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારના કાર્યકાળને સાચી સ્વતંત્રતા ગણાવી હતી. તેમના આ નિવેદન બાદ ઘણો વિવાદ થયો હતો.હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર કંગના રનૌતનો મુકાબલો કોંગ્રેસના વિક્રમાદિત્ય સિંહ સાથે થશે. આ બેઠક પર ૧ જૂને મતદાન થશે.ચૂંટણી પ્રચાર દરમિયાન કંગના અને વિક્રમાદિત્ય અનેક પ્રસંગોએ એકબીજા પર શાબ્દિક પ્રહારો કરતા રહ્યા છે. વિક્રમાદિત્ય સિંહે કંગનાનું નામ લીધા વિના બીફ ખાવા પર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે હિમાચલ એ દેવી-દેવતાઓનું પવિત્ર સ્થળ છે. તે દેવભૂમિ છે. બીફનું સેવન કરનારાઓએ અહીં ચૂંટણી લડવી જોઈએ. અહીંની સંસ્કૃતિ માટે આ ચિંતાનો વિષય છે.આ પછી કંગનાએ વિક્રમાદિત્ય પર વળતો પ્રહાર કરતા કહ્યું કે હું બીફ કે કોઈપણ પ્રકારનું રેડ મીટ નથી ખાતી. મારા વિરુદ્ધ પાયાવિહોણી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે તે ખૂબ જ નિંદનીય છે. હું ઘણા વર્ષોથી યોગ અને આયુર્વેદને હંમેશા સમર્થન અને પ્રોત્સાહન આપું છું. હવે મારી ઈમેજને ખરડાવવાની આવી યુક્તિઓની કોઈ અસર નહીં થાય. મારા લોકો જાણે છે કે હું ગૌરવપૂર્ણ હિંદુ છું. તેમને કોઈ ગેરમાર્ગે દોરી શકે નહીં.

# ટ્રાન્સ મહિલાએ ૬૪ વર્ષીય પુરુષને કાર વડે કચડી નાખ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

અમેરિકાના હ્યુસ્ટનમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક ટ્રાન્સ મહિલાએ ૬૪ વર્ષના એક વ્યક્તિની નિર્દયતાથી હત્યા કરી નાખી. આરોપી મહિલાએ પહેલા પુરૂષ પર કાર ચલાવી અને પછી તેને નવ વાર માર માર્યો. આટલું જ નહીં, હત્યા કરતા પહેલા મહિલાએ પુરૂષને ઘણી વખત ચુંબન કર્યુ હતું. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.સીસીટીવી ફૂટેજ બતાવે છે કે પીડિત સ્ટીવન એન્ડરસન તેના પડોશમાં ચાલી રહ્યો હતો ત્યારે તેને રસ્તા પર એક સફેદ કારે ટક્કર મારી હતી. આ પછી કાર ફરીથી સ્થળ પર આવી અને બીજી વખત એન્ડરસનને ટક્કર મારી. જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી મહિલા સ્થળ પરથી ફરાર થઈ ગઈ હતી.ધ ન્યૂ યોર્ક પોસ્ટે અહેવાલ આપ્યો છે કે શંકાસ્પદ ટ્રાન્સ મહિલા, કારેન ફિશર, થોડા સમય પછી ઘટનાસ્થળે પરત આવી અને એન્ડરસનના શરીરની ટોચ પર સૂઈ ગઈ. આ પછી મહિલાએ એન્ડરસનના શરીરને ઘણી વખત ચુંબન કર્યું. આ પછી તેણે ધારદાર છરી વડે નવ વખત હુમલો કર્યો. જોકે પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરી લીધી છે.પોલીસે જણાવ્યું કે આરોપી મહિલાએ ઘટના બાદ બીજી કારમાં ચઢવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે કારમાં બેસી શકી નહીં. જેથી તે સ્થળ પરથી પગપાળા ભાગવા લાગ્યો હતો. હેરિસ કાઉન્ટીના રેકોર્ડ્સ કહે છે કે ફિશર, એક ટ્રાન્સ મહિલા, ધરપકડ કરવામાં આવી હતી અને તેની પર હત્યા, ધરપકડથી બચવા અને હોસ્પિટલના કર્મચારીઓ પર હુમલો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

# રાહુલ બાબા જો તમારે પરમાણુ બોમ્બથી ડરવું હોય તો ડરો, અમે ડરતા નથી

। (એજન્સી) કૌશામ્બી, તા.૧૩ ।

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહે રવિવારે કૌશામ્બીમાં ચૂંટણી રેલીને સંબોધી હતી. જેમાં અમિત શાહે Pok ને લઈને વિપક્ષ પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર ભારતનું છે અને અમે તેને જાળવી રાખીશું. અહીં અમિત શાહ કૌશામ્બી લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર અને સાંસદ વિનોદ સોનકરના સમર્થનમાં આયોજિત ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન અમિત શાહે કટાક્ષ કરતા કહ્યું કે મણિશંકર ઐયર અને ફારુક અબ્દુલ્લા જેવા કોંગ્રેસ પાર્ટીના નેતાઓ કહે છે કે પાકિસ્તાનનું સન્માન કરો કારણ કે તેની પાસે પરમાણુ બોમ્બ છે. મણિશંકરની ટિપ્પણીનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું કે જો પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે તો શું આપણે Pok છોડી દેવું જોઈએ?

અમિત શાહે કહ્યું, મણિશંકર ઐયર અને ફારુક અબ્દુલ્લા કહે છે કે પાકિસ્તાનનું સન્માન કરો કારણ કે તેમની પાસે પરમાણુ બોમ્બ છે. રાહુલ બાબા જો તમારે પરમાણુ બોમ્બથી ડરવું હોય તો ડરો, અમે ડરતા નથી. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર ભારતનું છે અને અમે તેને લઈશું. આ સાથે અમિત શાહે જનતાને ભાજપના ઉમેદવારના સમર્થનમાં વોટ કરવાની અપીલ કરી હતી. તેમણે દાવો કર્યો કે નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાની પહેલી હેટ્રિક છે. બીજી હેટ્રિક ત્રીજી વખત યુપીમાં સપા, બસપા અને કોંગ્રેસને સંપૂર્ણ રીતે ખતમ કરવાની છે અને ત્રીજી હેટ્રિક મારા મિત્ર વિનોદ સોનકરને સાંસદ બનાવવાની છે.

તેમણે મણિશંકર ઐયરના નિવેદનનો ઉલ્લેખ કર્યો. જેમાં તે કહેતા જોવા મળે છે કે ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ કારણ કે તેની પાસે પરમાણુ બોમ્બ છે અને તે એક સાર્વભૌમ રાષ્ટ્ર છે અને તેની સાથે જોડાયેલું હોવું જોઈએ. જો કે, કોંગ્રેસે ઐયરની ટિપ્પણીથી પોતાને દૂર રાખ્યા અને કહ્યું કે આ વીડિયો થોડા મહિના પહેલાનો છે.

### કટ્ટરપંથીઓ દ્વારા નિશાન બનાવવામાં આવેલ હિંદુ નેતા

# ઉપદેશ રાણાએ સરકારને સુરક્ષા વધારવાની કરી માંગ

**સતત ધમકીઓને કારણે તેણે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં ૧૩૦ જેટલી FIR નોંધાવી છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સુરત ક્રાઈમ બ્રાન્ચે હિંદુત્વ નેતા ઉપદેશ રાણા અને બીજેપી નેતા ટી રાજા સિંહ અને બીજેપીના પૂર્વ પ્રવક્તા નુપુર શર્માની હત્યાનું કાવતરું અને ધમકી આપવાના આરોપસર મૌલવી મોહમ્મદ સોહેલ અબુ વકાર તિમોલની ધરપકડ કરી હતી. આ કેસમાં સુરત ક્રાઈમ બ્રાન્ચની તપાસ આગળ વધતાં ભારત-નેપાળ બોર્ડર પરથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.હિન્દુત્વવાદી નેતા ઉપદેશ રાણા સતત ઉગ્રવાદીઓના નિશાના પર છે. તેણે કહ્યું કે લખનઉમાં તેના સાથી કમલેશ તિવારીની હત્યા બાદ તેને સતત જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. તેના અન્ય સહયોગી કિશન ભરવાડની પણ ગુજરાતમાં હત્યા કરવામાં આવી હતી. સતત ધમકીઓને કારણે તેણે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં ૧૩૦ જેટલી એફઆઈઆર નોંધાવી છે.આ તમામ એફઆઈઆરમાંથી માત્ર સુરત ક્રાઈમ બ્રાન્ચે જ આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે બાકીના કેસોમાં પોલીસે સમરી ભરી દીધી છે. ધમકીઓ અંગે ઉપદેશ રાણાએ કહ્યું કે સરકારે તેમને સુરક્ષા આપી છે, પરંતુ તે સુરક્ષા પૂરતી નથી. આવી સ્થિતિમાં તે કટ્ટરવાદીઓના નિશાના પર છે. સરકારે તેમની સુરક્ષા વધારવાની જરૂર છે.૨૦૧૭માં તેમણે લાલ ચોક પર તિરંગો ફરકાવ્યો હતો. આ પછી તેને ધમકીઓ મળવા લાગી. ભારતમાં બેઠેલા દેશદ્રોહીઓને ૧ કરોડ રૂપિયાની સોપારી આપવામાં આવશે તેવું કહેવામાં આવ્યું છે. પાકિસ્તાનમાંથી હથિયારો આયાત કરવાની વાત થઈ છે.

# હરિયાણામાં હવે ભાજપ સરકારનો ફ્લોર ટેસ્ટ થશે

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૩ ।

હરિયાણામાં ત્રણ અપક્ષ ઉમેદવારોએ ભાજપ સરકારનો સાથ છોડ્યા બાદ ભારે રાજકીય ખળભળાટ જોવા મળી રહ્યો છે. ભાજપ સરકારની સત્તા પર સંકટ આવ્યા બાદ હવે રાજ્ય સરકાર ફ્લોર ટેસ્ટ પાસ કરાવવા વિધાનસભાનું વિશેષ સત્ર યોજી શકે છે. હાલ રાજ્યમાં ભાજપ, કોંગ્રેસ સહિતના પક્ષો એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપો કરી વિવિધ દાવાઓ કરી રહ્યા છે, ત્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે મોટો દાવો કર્યો છે. હરિયાણા ભાજપ પર આવી ચઢેલા સંકટ અંગે ખટ્ટરે દાવો કર્યો કે, ‘વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ થશે. જેજેપીએ આમાં પડવાની જરૂર નહોતી, પરંતુ તેઓ આ મુદ્દામાં પડી ફસાયા છે. જેજેપીના ૭ ધારાસભ્યો અમારા સંપર્કમાં છે. કોંગ્રેસમાં પણ આંતરીક ડખા ચાલી રહ્યા છે. કોંગ્રેસના ૩૦માંથી ચાર અથવા પાંચ ધારાસભ્યો ભાજપમાં સામેલ થઈ શકે છે. રાજ્યપાલે કોંગ્રેસના ૩૦ ધારાસભ્યો પાસે સહીઓ માંગી છે.’

### પ્રજ્વલ રેવન્ના સેક્સ સ્કેન્ડલ પીડિતાની વાર્તા

# મારી માતા પર બળાત્કાર થયો, મારા કપડાં કાઢી નાખવામાં આવ્યા

**કર્ણાટકમાં, એક પીડિતાએ સસ્પેન્ડેડ JDS સાંસદ પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ SIT સમક્ષ પોતાનું નિવેદન નોંધ્યું છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

કર્ણાટકના પ્રખ્યાત સેક્સ સ્કેન્ડલ કેસની પીડિતાએ આગળ આવીને સસ્પેન્ડેડ જેડીએસ નેતા પ્રજ્વલ રેવન્ના અને તેના પિતા એચડી રેવન્ના પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેણીએ જણાવ્યું હતું કે પ્રજવલે ચાર-પાંચ વર્ષ પહેલા તેની માતા સાથે તેના બેંગલુરુ નિવાસસ્થાનમાં બળાત્કાર ગુજાર્યો હતો. મારું યૌન શોષણ પણ થયું હતું. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમના સૂત્રોના જણાવ્યા અનુસાર પીડિત યુવતીની ઓળખ ગુપ્ત રાખવામાં આવી છે. ઘટનાઓનો ઉલ્લેખ કરીને તેણે આરોપી પ્રજ્વલ વિરુદ્ધ વિગતવાર નિવેદન નોંધ્યું છે. યુવતીએ એવો પણ આરોપ લગાવ્યો છે કે ૨૦૨૦ અને ૨૦૨૧ વચ્ચે પ્રજ્વલ રેવન્નાએ તેને વીડિયો કોલનો જવાબ આપવા દબાણ કર્યુ હતું. તેમજ તેણીને અને તેની માતાને ધમકી આપી હતી અને વિડીયો કોલ પર તેણીના કપડાં ઉતારવા દબાણ કર્યુ હતું. આ સિવાય તેણે પ્રજ્વલના પિતા એચડી રેવન્ના પર પણ ગંભીર આરોપ લગાવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર પીડિતાએ પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમને કહ્યું, “તે (પ્રજ્વલ) મને ફોન કરતો અને મારા કપડાં ઉતારવા કહેતો. તે મારી માતાના મોબાઈલ પર ફોન કરતો અને મને વીડિયો કૉલ ઉપાડવા દબાણ કરતો. જ્યારે મેં ના પાડી. જ્યારે મેં તે કર્યું, તેણે મને અને મારી માતાને ધમકી આપી, જ્યારે અમારા પરિવારને આ બધું ખબર પડી, ત્યારે તેઓએ અમને સમર્થન આપ્યું અને પછી અમે ફરિયાદ નોંધાવી.’’ પીડિતાએ આરોપ લગાવ્યો છે કે તેને હેરાનગતિ વિશે કોઈને ન કહેવાની ધમકી આપવામાં આવી હતી.

## સેલ્ફીના કારણે થયા બે મિત્રોના મોત

# પાણીમાં પડેલા મિત્રને બચાવવા પડ્યો બીજો મિત્ર : બંનેનું મોત

### અમદાવાદ પરત ફરતી વખતે બોરીસણા ગામ નજીક આવેલી નર્મદા કેનાલના ધોધની લીધી હતી મુલાકાત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

હાલ સોશિયલ મીડિયામાં પ્રસિદ્ધ થવાની ઘેલછામાં ખાસ યુવાનો ફોટો અને રીલ બનવવા માટે પોતાના જીવની પણ પરવા કરતાં નથી.

આવો જ એક બનાવ રવિવારે અમદાવાદના ચેનપુર ખાતે રહેતા કૌશિકભાઈ રાવત પરિવાર સાથે બન્યો હતો. તેઓ રવિવારે કડીના મેલડી માતાજીના મંદિરે દર્શન કરવા પરિવાર સાથે ઈકો ગાડી લઈને આવ્યા હતા. માતાજીના દર્શન કર્યા પછી કૌશિકભાઈ તેમના પત્ની, બે બાળકો અને મિત્રો અમદાવાદ પરત ફરી રહ્યાં હતા. ત્યારે તેમને કડીના બોરીસણા ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલના પડતા ધોધને જોવાનો વિચાર આવ્યો હતો. તેના પગલે તેમણે ધોધની મુલાકાત લીધી હતી. આ દરમિયાન કૌશિકભાઈ કેનાલમાં ઉતરીને સેલ્ફી ક્લિક કરી રહ્યાં હતા, જોકે અચાનક જ તેમનો પગ લપસી જતા તેઓ પાણીમાં ગરકાવા થઈ ગયા હતા. આ ઘટના જોતા જ કૌશિકભાઈને બચાવવા તેમના મિત્રએ પાણીમાં ડુંબકી લગાવી હતી.

જોકે તે કૌશિકભાઈને બચાવવામાં નિષ્ફળ રહ્યો હતો અને પોતે પણ પાણીમાં ડૂબી ગયો હતો. જોકે બાદમાં સ્થાનિક તરવૈયાઓએ લાશની તપાસ હાથ ધરી હતી પરંતુ તેમને મોડી સાંજ સુધી બંનેની લાશ મળી નહોતી. બાદમાં ઘટના સ્થળે ફાયર બ્રિગેડ અને પોલીસ આવી પહોંચી હતી. જોકે બંને વ્યક્તિઓને લાશ મળી શકી નહોતી.



## ન્યુઝ બોક્ષ

### પોલીસે દારૂ સાથે આઈપીએલ પર સટ્ટો રમાડતા વ્યક્તિને ઝડપ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

પોલીસને દરોડોમાં બુટલેગરની સાથે આઈપીએલનો સટ્ટો અને વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો આધુનિક ટેકનોલોજીના યુગમાં ફાસ્ટ અપડેટ થવાની સાથે વસ્તુ ઝડપી બનીને તૈયાર થઈ જાય છે. એવીજ રીતે ઝડપી પૈસા કમાઈને વહેલા માલદાર બનવાની ઘેલછા આજની યુવા પેઢીને ગેરમાર્ગે દોરી જતી હોય છે,એવા કેટલાય બનાવો રોજ બરોજ સામે આવતા હોય છે. તાજેતરમાં જ બનાવ બન્યો જેમાં શહેરના ભાડજ સર્કલ પાસે આવેલા વિવાન્તા હાઈટ્સમાંથી પોલીસને દારૂનો જથ્થો મળી આવ્યો હતો. સૂત્રો દ્વારા પોલીસને બાતમી મળતા તેમણે વિવાન્તા હાઈટ્સમાં દરોડા પાડયો હતો. જેમાં પોલીસને પાંચ બોટલો વિદેશી દારૂ મળવાની સાથે તપાસ કરતા આઈપીએલ પર સટ્ટો રમાડતો વ્યક્તિ પણ મળી આવ્યો હતો.પીસીબીના સ્ટાફને બાતમી મળી હતી કે ભાડજ સર્કલ પાસે આવેલા વિવાન્તા હાઈટ્સમાં ૧૦૨ નંબરની શોપમાં દારૂનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો છે.

### ઐતહાસિક ધરોહરની જાળવણી કરવામાં સુરત પાલિકા બેદરકાર

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

સુરતના ન્યુ બોમ્બે માર્કેટ નજીક આવેલા પાલિકાના દબાણ ડેપો માંથી એક સાથે ૧૫થી વધુ ઐતિહાસીક ટોપ મળી આવતા લોકોમાં અચરજ ફેલાઈ હતી. દબાણ ડેપોનું રીનોવેશનનું કામ ચાલી રહ્યું હોય કાટમાળ શિફટ કરતા સમયે તોપ મળી આવી હતી. વરાછા ઝોને આ અંગે પાલિકાના હેરીટેજ વિભાગને જાણ કરી તોપને સલામત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. અગાઉ પણ સુરતમાંથી ઘણી જગ્યાએ ખોદકામ દરમિયાન વર્ષો જૂની તોપ મળી આવી હતી. સુરત પાલિકાના દબાણ ડેપોમાં ઐતિહાસીક તોપ કચરા નીચે વર્ષોથી દબાઈ રહી હોય પાલિકાની હેરીટેજને લગતી કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. સુરત શહેરના ભવ્ય ઈતિહાસ વિશે સૌ કોઈ વાકેફ છે. સદીઓ સુધી સુરત શહેરમાં મુઘલો અને અંગ્રજોનું રાજ રહ્યું હતું. ભવ્ય ઈતિહાસ ધરાવતા સુરત શહેરમાં ખોદકામ દરમિયાન અનેક ઐતિહાસીક ચીજ-વસ્તુઓ મળી આવી છે. સુરત પાલિકા દ્વારા મળી આવતી ઐતિહાસીક ધરોહરની જાળવણી કરવા વિશેષ હેરિટેજ સેલ પણ બનાવવામાં આવ્યું છે. સીટીલાઈટ ખાતે આવેલા પાલિકાના સાયન્સ સેન્ટરમાં આવી મળી આવેલી ચીજ-વસ્તુઓ પ્રદર્શન માટે મુકવામાં આવી છે.

### ટેન્કર સ્પીડમાં ન ચલાવવા બાબતે રહીશે ઠપકો આપતા ચાલકે ગાડીને આગ લગાવી બદલો લીધો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

પાલડી મહાલક્ષ્મી પાંચ રસ્તા પાસે આવેલી દીપકનગર સોસાયટીમાં એક ગાડીમાં અચાનક આગ લાગી હતી. લોકોએ પાણીનો મારો ચલાવીને આ આગને કાબૂમાં લીધી હતી. બાદમાં સીસીટીવી તપાસ કરતા એક શખ્સ તેનું વાહન લઈને આવ્યો હતો અને તેણે જ્વલનશીલ પ્રવાહી છાંટીને આગ લગાવી હોવાનું સામે આવ્યું હતું. આ એ શખ્સ હતો જેને કારમાલિકે થોડા દિવસ પહેલા ટેન્કર ધીમે ચલાવવાનું કહેતા બોલાચાલી થઈ હતી અને આરોપીએ ધમકી આપી હતી. જેથી સીસીટીવી આધારે પાલડી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પાલડીના દિપકનગરમાં રહેતા મિતેષભાઈ શાહ કોર્પોરેટ ટ્રેનર છે. ચારેક દિવસ પહેલા તે ઘરે હતા ત્યારે મોટો ધડાકો થયો હોય તેવો અવાજ આવ્યો હતો. જેથી તપાસ કરતા તેમની ગાડી સળગી રહી હતી. લોકોએ ભેગા થઈ આગ પર પાણીનો મારો ચલાવીને આગ બુઝાવી હતી.

### ભેંસાણ ખાતે પુત્રીને સાયકલ ચલાવવા માટે નીકળેલા પિતા અચાનક ઢળી પડ્યા હતા

# સુરતમાં યુવાનવયે હાર્ટએટેકથી મોતની પાંચ ઘટનાએ ફરી ફફડાટ ફેલાવ્યો

### વેક્સિનની આડઅસરની હાલની જ વાતો વચ્ચે ફરી અચાનક બેહોશ થઈને મોત નિપજવાની ઘટનાઓને કારણે લોકોમાં ઘેરી ચિંતા

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

શહેરમાં યુવાનવયના લોકો હાર્ટએટેક અથવા કાર્ડિયાક એરેસ્ટને કારણે એકાએક મોતને ભેટતા હોવાની ઘટનાએ ફરી ચિંતા ઊભી કરી છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં આ રીતે અચાનક બેભાન થઈ હાર્ટએટેક અથવા કાર્ડિયાક એરેસ્ટને કારણે ઉપરાછાપરી ૫ વ્યક્તિના મોત થયા હતા. એક ઘટનામાં તો ભેંસાણ ખાતે પુત્રીને સાયકલ ચલાવવા માટે નીકળેલા પિતા અચાનક ઢળી પડ્યા હતા અને મોતને ભેટ્યા હતા. અન્ય બનાવમાં ઉધનામાં મિલમાં તેમજ કાપોદ્રામાં કામ કરતી વખતે બેભાન થઈ જતાં બેના મોત થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, ઈચ્છાપોર પોલીસની હદમાં આવતા ભેંસાણ મહાદેવ મંદિરની સામે હિતેશ ચંદુભાઈ પટેલ (૪૩ વર્ષ) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. હિતેશ ટ્રાવેલ્સ એજન્સીમા ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. ગુરુવારે સાંજે ૫:૪૫ વાગ્યાના સુમારે હિતેશ તેની ૧૪ વર્ષીય ત્રિશા નામની પુત્રીને સાયકલ ચલાવવા માટે મલગામા ખાતે ક્રિકેટ ગ્રાઉન્ડમાં ગયા હતા. જ્યાં પુત્રી સાયકલ ચલાવી રહી હતી. તે સમયે હિતેશ અચાનક ઢળી પડ્યો હતો. આ દૃશ્ય જોઈને અન્ય લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈને ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બીજા બનાવમાં, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ઉધના ભીમનગર ગરનાળા પાસે શિવશંકર ઉર્ફે દિપક વિજયપાલ શિંગ (૩૬ વર્ષ) રહેતો હતો. શિવશંકર ઉધના રોડ નંબર ૧૦ પર આવેલી કંપનીમાં મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે રાત્રે ૯ વાગ્યા આસપાસ શિવશંકર મિલમાં કામ કરીને દાદર ઉતરી રહ્યો હતો. ત્યારે ચક્કર આવતા તે ઢળી પડ્યો હતો. સારવાર માટે બોલાવાયેલી ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફે તેને મૃત જાહેર કર્યો હતો. ત્રીજા બનાવમાં, મૂળ ભાવનગરના વતની દિનેશ જીવરાજ કાકડીયા (૫૦ વર્ષ) હાલ મોટા વરાછા સુદામા ચોક પાસે મંત્ર હોમ્સમાં પરિવાર સાથે રહેતા હતા. દિનેશ કાપોદ્રા ગાયત્રી સોસાયટીમાં રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે સાંજે ૫:૩૦ વાગ્યાના સુમારે દિનેશ કંપનીમાં કામ કરી રહ્યો હતો. ત્યારે અચાનક ઢળી પડ્યો હતો. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ચોથા બનાવમાં, કતારગામ લલિતા ચોકડી પાસે આવેલા સંતોષી નગરમાં રાજેશ નાનજીભાઈ વાદી (૪૫ વર્ષ) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. રાજેશ મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે રાત્રે રાજેશ જમીને સુઈ ગયો હતો. મધરાત્રે અચાનક તેને છાતીમાં દુખાવો થવા લાગ્યો હતો. સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં તેને ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. પાંચમા બનાવમાં, નાના વરાછા હળપતિ કોલોનીમાં ભરત બલદેવ વ્યાસ (૪૨ વર્ષ) એકલો રહેતો હતો. ભરત છૂટક મજૂરી કરીને પેટિયુ રળતો હતો. બુધવારે રાત્રે ભરત જમીને સુઈ ગયો હતો. ગુરુવારે સવારે તે ઉઠ્યો નહિ હતો. પાડોશીઓ તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલમાં લઈને ગયા હતા.

### અમદાવાદના જનતાનગર ખાતે રહેતી

# શેખ લઈકા જુનૈદ સારા માર્કશી પાસ થતા શુભેચ્છાનો વરસાદ

। અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલ જનતાનગર વિસ્તારમાં રહેતી અને દુન ઈંગ્લીશ મિડીયમ સ્કુલમાં ભણતર કરતી વિદ્યાર્થીએ પોતાની મહેનતથી માતા પિતાનું સપનું સર કર્યુ છે તેણીએ ધોરણ ૧૦ના બોર્ડની પરિક્ષામાં ૮૮.૨૬ ટકાવારીથી પાસ થઈને પોતાના માતા પિતાની સાથે દુન ઈંગ્લીશ મિડીયમ સ્કુલનું પણ નામ રોશન કર્યુ છે. શેખ લઈકા જુનૈદ પોતાની કામયાબીનો બધો જ શ્રેય પોતાના શિક્ષકગણ અને માતા પિતાને માને છે પોતાના પિતાને રોલ મોડલ તરીકે માનતી શેખ લઈકા જુનૈદે રાત દિવસ એક કરીને સારા ટકાવારીથી પાસ કરીને એક અનોખો દાખલો રજુ કર્યો છે.. તેમજ તેના અભ્યાસ અને આગળના ભવિષ્ય માટે તેને સગા વ્હાલા અને શિક્ષકગણ તરફથી ખુબ ખુબ



શુભેચ્છાઓનો ધોધમાર શુભેચ્છાનો વરસાદ થઈ રહ્યો છે..

# કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈ ખેતી નિયામકની કચેરીનો રાજ્યના ખેડૂતોને તકેદારીનાં પગલા લેવા અનુરોધ

। અમદાવાદ, તા.૧૩ ।

હવામાન ખાતા દ્વારા આગામી તા. ૧૬ મે, ૨૦૨૪ સુધી ગુજરાતના બનાસકાંઠા, સાંબરકાઠા, નવસારી, વલસાડ, અરવલ્લી, દાહોદ, મહિસાગર, ડાંગ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, સુરત, અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, રાજકોટ, સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. વાદળછાયા વાતાવરણ અને વરસાદને ધ્યાને લઈને ખેડૂતો દ્વારા સ્વાભાવિક રીતે પાકના રક્ષણ માટેના કેટલાક ઉચિત પગલાં લેવામાં આવતા હોય છે, તેમ છતાં ખેતી નિયામકની કચેરી દ્વારા રાજ્યના ખેડૂતોને તકેદારીનાં પગલા લેવા સંદેશો આપવામાં આવ્યો છે.

વરસાદના સમયે પાકરક્ષણ માટે તકેદારીના પગલાઓ અંગે ખેતી નિયામકની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, કમોસમી વરસાદમાં થતા પાક નુકશાનથી બચવા માટે ખેડૂતોએ ખેત ઉત્પાદિત પાક અને ખેતરમાં કાપણી કરેલા પાક જો ખુલ્લામાં પડ્યા હોય તો, સૌપ્રથમ તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડી લેવા અથવા પ્લાસ્ટિક/ તાડપત્રીથી યોગ્ય રીતે પાકને ઢાંકી દેવો હિતાવહ છે. આ ઉપરાંત ઢગલાની ફરતી બાજુ માટીનો પાળો બનાવી દેવો, જેથી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકી શકે.

વધુમાં જણાવ્યા પ્રમાણે, વરસાદના સમયે પાકમાં જંતુનાશક દવાઓ અને ખાતરનો ઉપયોગ ટાળવો જોઈએ. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ પણ સાવચેતીના પગલા ધ્યાને લઈ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉન કે બંધ જગ્યામાં સુરક્ષિત રાખવો. આ ઉપરાંત APMCમાં અનાજ અને ખેતપેદાશોને વરસાદથી સુરક્ષિત રાખવા તેમજ છઁસ્ઝમાં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી. આમ, છઁસ્ઝમાં વેપારી અને ખેડૂત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા ખેતી નિયામકની કચેરીએ અનુરોધ કર્યો છે..

આ અંગે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૧૮૦૧૫૫૧નો સંપર્ક કરવો, તેમ વધુમાં જણાવાયું છે.

# જાગુના મુવાડા તેમજ નદીનાથ મહાદેવે અનાવરણ વિધિ



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૩ ।

કડાણા તાલુકાના શ્રી નદીનાથ મહાદેવના પરમ ભક્ત વિકાસ પુરુષ અને આ મંદિર પરિષર ના આધ્ય સ્થાપક શ્રી પ્રબોધકાંત ડી. પંડ્યા કે જેઓ સંતરામ પુર ધારાસભ્ય ૧૯૮૫ થી ૧૯૯૦ ઉપ રાંત ગૃહ અને શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત સરકાર ૧૯૯૦થી ૧૯૯૫ તેમજ સંતરામ પુર ધારાસભ્ય ૨૦૦૨ થી ૨૦૦૭ ની અનાવરણ વિધિ તારીખ ૧૩-૫-૨૦૨૪ ના રોજ કરવામાં આવી. તેઓના ધર્મ પત્ની ગંગાસ્વરૂપ હેમલત્તાબેન તેમજ પુત્ર ડોક્ટર શ્રી હિરેનભાઈ ને મરણોત્તર સન્માન પ્રમાણપત્ર શ્રદ્ધા સુમન વ્યથિત હૃદયે ગ્રામજનો દ્વારા અર્પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગ્રામજનો તેમજ આજુબાજુ વિસ્તારના સૌ પરિવારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### પ્રેમિકાએ સંબંધ નહીં રાખતા યુવકે અંગત પળોના વીડિયો યુવતીના સગાને સેન્ડ કર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

દાણીલીમડામાં પાડોશમાં રહેતા યુવક-યુવતી વચ્ચે પાંચ વર્ષ અગાઉ પ્રેમ સંબંધ બંધાયો હતો. યુવતીને બંને એક જ સમાજના હોવાની જાણ થતાં યુવક સાથેનો સંબંધ તોડી નાંખ્યો હતો. ગુસ્સે થયેલા યુવકે યુવતીના ફોટા અને વીડિયો યુવતીના સગા સંબંધીઓને સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે પાડોશી યુવક સામે ગુનો નોંધ્યો છે. દાણીલીમડા વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય યુવતીને તેની જ પાડોશમાં રહેતા ૨૫ વર્ષના યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે બંને પાંચ વર્ષ અગાઉ એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. બાદમાં વાતચીત શરૂ થઈ અને પ્રેમ સંબંધ બંધાયો હતો. ત્યારબાદ બંને જોડે બહાર ફરવા પણ જતા હતા. આ સમયે યુવકે બંને વચ્ચેના અંગત સંબંધોના ફોટા તથા વીડિયો યાદગારી માટે કહીને લઈ લીધા હતા.

# મધર્સ ડેના ઉપક્રમે રાઇફલ ક્લબ અને આર્ક ઈવેન્ટ્સ દ્વારા આયોજિત મ્યુઝિકલ એક્સ્ટ્રાવેગેન્ઝા "ઈમમોર્ટલ મેલોડીઝ"થી પ્રેક્ષકો બન્યા મંત્રમુગ્ધ

। અમદાવાદ, તા.૧૩ ।

રાઈફલ ક્લબ અને આર્ક ઈવેન્ટ્સ દ્વારા આયોજિત મ્યુઝિકલ એક્સ્ટ્રાવેગેન્ઝા "ઈમમોર્ટલ મેલોડીઝ" દ્વારા ૧૨મી મેની સાંજ અવિસ્મરણીય બની રહી. મધર્સ ડેના શુભ અવસર પર રાઈફલ ક્લબના જનરલ સેક્રેટરી મનીષભાઈ પટેલ અને આર્ક ઈવેંટ્સના ડૉ. મિતાલી નાગ દ્વારા આયોજિત આ ઈવેન્ટ રાઈફલ ક્લબ, ખાનપુર, અમદાવાદ ખાતે યોજાઈ હતી અને આ મ્યુઝિકલ ઈવેન્ટ પ્રેક્ષકોની અપેક્ષાઓ સુધી પહોંચી.

ઈન્ટરનેશનલ વર્સટાઈલ સિંગર ડૉ. મિતાલી નાગે પોતાના મધુર અવાજથી ઉપપસ્થિત સૌ કોઈને આશ્ચર્યચકિત કરી દીધા. તેમની સાથે શિવાંગ દવે, મનદીપ દેવાશ્રયી, વિશ્રાંતિ વૈષ્ણવ વગેરે અવ્વલ કક્ષાના ગાયકોના અવાજથી ઈવેન્ટમાં ચાર ચાંદ લાગી ગયા. આ અદ્દભૂત ગાયકોએ "દિલ હૂમ હૂમ કરે", "સોલહ બરસ કી", "યેહ દિલ તુમ બિન" અને "આકે તેરી બાહોં મેં" જેવાં ક્લાસિક મેલોડીઅસ સોન્ગસથી પ્રેક્ષકો ને મંત્રમુગ્ધ કરી દીધા. આ દરેક સિંગર્સની વર્સટાલિટી અને મેગ્નેટિક સ્ટેજ પ્રેઝેન્સથી શ્રોતાઓ ઝૂમી ઉઠ્યા.




ગાયકોની સાથે મિતેષ દેસાઈ અને તેમની ટીમના ઓર્કેસ્ટ્રા પરફોર્મન્સથી ઈવેન્ટ વધુ યાદગાર બની હતી. આ મ્યુઝિકલ નાઈટનું સુંદર સંચાલન ઝીશાન અબ્બાસીએ કર્યું હતું.

આ કાર્યક્રમ માત્ર સંગીતના શાશ્વત આકર્ષણની જ ઉજવણી ન હતી પરંતુ એકતા અને આનંદની અતૂટ ભાવનાનો સાક્ષી પણ હતો. સંગીત જીવનના તમામ ક્ષેત્રના લોકોને એકસાથે લાવે છે. કાર્યક્રમ નો પડદો પડતાં અભિભૂત થયેલા શ્રોતાઓ કાર્યક્રમ ના યાદગાર ગીતો ગણગણતા બહાર નીકળ્યા હતા.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨